રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## શ્રી સી. યુ. શાહ
## ગોસંવર્ધન અને સંશોધન કેન્દ્ર
### મંગલ પ્રોત્સાહક પુરસ્કૃતિ સમારોહ



તારીખ : ૨૬ નવેમ્બર - ૨૦૨૪

સ્થળ : લોકભારતી ગોશાળા

વર્ષ: ૭૮ અંક : ૦૫ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪

## લોકભારતી ગોસંવર્ધન અને સંશોધન કેન્દ્રનો મંગલ પ્રોત્સાહક પુરસ્કૃતિ સમારોહ


















## સૂરમયી મેઘા ડાલ્ટનના સથવારે મણીપુરનો લોકનાદ





# કોડિયું

વર્ષ : ૭૮ ડિસેમ્બર ૨૦૨૪ અંક : ૦૫

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૦૧ | ગ્રામવિદ્યાપીઠનું મોઢું<br>નાનાભાઈ ભટ્ટ | ...૦૬ |
| ૦૨ | ગો- ઉપાસના<br>વિનોબા ભાવે | ...૦૭ |
| ૦૩ | વસંત એટલે દિવ્ય થનગનાટની ઋતુ<br>ગુણવંત શાહ | ...૦૮ |
| ૦૪ | સાધુ જ્યાં જાય ત્યાં અજવાળું લઈને જાય છે.<br>મોરારિબાપુ | ...૧૦ |
| ૦૫ | લોરેન્સ એથન્ની અને હાથીઓના ઝૂંડની સંવેદનશીલતા<br>સુભાષ ભટ્ટ | ...૧૨ |
| ૦૬ | આપણાં કામોની પ્રાથમિકતા કેવી રીતે નકકી કરવી? - ૩<br>મુનિ દવે | ...૧૪ |
| ૦૭ | હિંદના મુખારવિંદમાં શ્રી અરવિંદ<br>પારસકુમાર | ...૧૭ |
| ૦૮ | ખિસકોલી<br>વિશાલ જોષી | ...૧૯ |
| ૦૯ | પુસ્તક પરિચય : 'બા મહાત્માનાં અર્ધાંગિની'<br>હિરલ સવાઈ | ...૨૧ |
| ૧૦ | કથા આશા અને વિકાસનીઃ કેળવણીનો જીવંત અનુભવ<br>બિંદુ-પાર્થેશ | ...૨૩ |
| ૧૧ | નૂતનવર્ષ..નિમિત્તે...હું શપથ લઉં છું કે...!!!<br>રવજી ગાબાણી | ...૨૬ |
| ૧૨ | આધુનિક શિક્ષણમાં ઈન્ટરનેટ અને આઈ.સી.ટી.નો વિનિયોગ : ચિંતા અને ચિંતન<br>સંજય આર. તલસાણિયા | ...૨૮ |
| ૧૩ | અજબ માન્યતાઓ.... અને..... એના ગજબ ખુલાસા !<br>હીરજી ભીંગરાડિયા | ...૩૧ |
| ૧૪ | આપણી સંવેદના<br>ડૉ. બી. એમ. શેલડિયા | ...૩૫ |
| ૧૫ | કોડિયું વાચકનો અભિપ્રાય<br>વિનોદભાઈ માંગુકિયા | ...૩૭ |
| ૧૬ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૯ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)



**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

ઘણા વર્ષો પહેલા બજારમાં બનાવટી ફૂલો વેચાવા આવ્યા ત્યારે સૌએ રોમાંચ સાથે સ્તબ્ધતા અનુભવેલી અને પછી તો તેના પર કટાક્ષના કાવ્યો અને લેખો છપાવા લાગેલા. લગભગ કોઈને આ બનાવટી ફૂલોમાંથી સુગંધ કે સૌંદર્યનો દિલથી અનુભવ થતો નહોતો છતાં તેનો ધીમે ધીમે વ્યાપ વધતો ચાલ્યો. આજે તો હવે ખાદ્ય અને અખાદ્ય એવી તમામ વસ્તુઓમાં ભેળસેળ સામાન્ય ઘટના બની છે. છેલ્લે છેલ્લે તો હવે કલેકટર કક્ષાના બનાવટી માણસો સુધી આપણો ભવ્ય વિકાસ પહોંચ્યો છે. ખરા અર્થમાં વિનોબાજી સાચા ઠર્યા છે કારણે કે તમામ ક્ષેત્રે હવે ભ્રષ્ટાચારે શિષ્ટાચારનું સ્થાન લીધું છે. ભ્રષ્ટાચારના પ્રકારો, વહેવારો અને આવડત આજે સામાન્ય માણસથી લઈને મોટા મોટા કોર્પોરેટ જગતમાં પણ એવી ગોઠવાઈ ગઈ છે કે કોઈને ખબર પણ નથી પડતી અને જો ખબર પડે તો કોઈને તે ખૂંચતી પણ નથી.

એકડા પછી કેટલા મીંડા આવે તેની ખબર નથી પડતી તેટલા આંકડાઓના થતાં કૌભાંડો અને તમામ જાહેર સેવાકીય ક્ષેત્રની ઓફિસોમાં નિર્ભયતાથી કામ કરતાં નકલી અધિકારીઓ સંદર્ભે સમાજ અને તંત્ર ટી.વી. ફિલ્મની એક સીરીયલની જેમ તેને 'સાક્ષીભાવે' જાણે માણી રહ્યો છે. પારદર્શી વહીવટ, સંવેદના, સેવા, કરુણા, સર્વોદય... બધું આ કહેવાતા વિકાસના ઘોડાપૂરમાં તણાઈ રહ્યું છે.

આજે દેશની ઉચ્ચકક્ષાની કહેવાતી ડિગ્રીઓ લઈને મોંઘું શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓમાંથી ૪૦ ટકા અને સામાન્ય ડિગ્રીઓ ધરાવતા શિક્ષિતોમાંથી ૭૦ ટકા પોતાની આજીવિકા માટે વલખાં મારી રહ્યા છે. વળી, એક તટસ્થ સર્વે એવો પણ થયો છે કે જે જે વિદ્યાર્થીઓ પાસે જે તે ક્ષેત્રની ડિગ્રી છે તેમાંથી ૮૫ ટકા પાસે તેની આવડતનો અભાવ છે ! તેમની પાસે ડિગ્રી છે પણ કૌશલ નથી. આજે સ્કીલ અને સંસ્કાર એમ બંનેનો ભયંકર દુષ્કાળ જણાય છે. સંસ્કાર વગરની સ્કીલ એ હેન્ડલ વગરના હથિયાર બરાબર છે. સંસ્કારના અભાવે આજે વિશ્વમાં યુદ્ધો વધી રહ્યા છે. ખ્યાતિ પ્રાપ્ત ખ્યાતિ પણ રૂંવાડા બેઠા કરે તેવો અમાનવીય વ્યવહાર કરે છે ત્યારે કોને રોવા બેસવું? વિશ્વાસ અને વિવેકના અભાવે માણસ રાક્ષસીકૃત્ય કરી રહ્યો છે. પાછું અત્યારની અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ આવા પાપીઓ છૂટથી કરીને તેનો પ્રભાવ વધારી રહ્યા છે ત્યારે હવે તેનો ઉકેલ શું?

આ તમામ મૂંઝવણોનો ઉકેલ માત્ર અને માત્ર કેળવણી પાસે જ છે, કારણે કે કેળવણી એ મનુષ્યત્વને ઉજાગર કરનારું એક માત્ર સક્ષમ સાધન છે. જે કેળવણી વિદ્યાર્થીને 'સંસ્કાર' ને 'સ્કીલ' બંને વિવેકપૂર્ણ આપી શકે તે કેળવણી પામેલો વિદ્યાર્થી સમાજનો વિશ્વાસ મેળવીને મૂંઝવણોમાંથી માર્ગ કાઢી શકે. લોકભારતીના વિદ્યાર્થીઓનું સમૂહજીવન-છાત્રાલય ભરપૂર સંસ્કાર સિંચન કરે છે, જ્યારે અનુભવજન્ય અનુબંધિત કેળવણી જરૂરી સ્કીલ આપે છે. વિદ્યા અને અવિદ્યાના વિવેકપૂર્ણ સમન્વયથી જન્મતી કેળવણી જ આનો સાચો ઉકેલ હોવાથી આપણે સૌએ સહિયારા પુરુષાર્થથી સંસ્કારના અને વિવેકના વાવેતર યજ્ઞાર્થે કરવા જ રહ્યાં.

# ૦૧ ગ્રામવિદ્યાપીઠનું મોઢું

**નાનાભાઈ ભટ્ટ**

---

લોકભારતી એક ગ્રામવિદ્યાપીઠ છે. આપણી આજની વિદ્યાપીઠનું મોઢું શહેરો તરફ અને શહેરી જીવન તરફ રહેલું છે. ત્યારે ગ્રામવિદ્યાપીઠનું મોઢું ગામડાંઓ તરફ અને ગ્રામજીવન તરફ રહેલું હશે. માત્ર વિદ્યાપીઠો શા માટે આપણી કોર્ટો, આપણી કચેરીઓ,આપણી હોસ્પિટલો , આપણી સરકારો કેમ જાણે શહેરોમાં વસતા આપણા ભાઈબહેનોને માટે જ ચાલતી હોય એમ સ્પષ્ટ જણાય છે. પરિણામે આપણા ગામડાં ભાંગ્યા છે ને વધારે ને વધારે ભાંગતા જાય છે. આજે તો આપણી લોકશાહી પણ પ્રજાના ગણ્યાંગાંઠયા શહેરીઓ માટે જ છે એ સ્પષ્ટ છે.

આ પરિસ્થિતિ પલટો માંગે છે; આ પરિસ્થિતિ લાંબો કાળ ટકી શકે એમ નથી. જો આપણે વિવેક વાપરીને આ પરિસ્થિતિમાંથી નવો માર્ગ નહીં કાઢીએ તો કાળ આપણને થપ્પડ મારીને જુદો માર્ગ કાઢશે.

ગ્રામવિદ્યાપીઠ એ આવા પલટાનું એક મોટું પગલું છે. ગ્રામવિદ્યાપીઠનું સૌથી વિશિષ્ટ અંગ ગ્રામાભિમુખતા રહેશે. વિદ્યાર્થીઓ અને કાર્યકરો ગ્રામભિમુખ જ રહેશે. ભલે પછી તે શહેરોમાં રહેતા હોય. ગ્રામવિદ્યાપીઠમાં ગ્રામાભિમુખ વિદ્યાર્થીઓ આવશે. શહેરાભિમુખ વિદ્યાર્થીઓ પગ નહીં મૂકે, ભલે પછી તે ગામડામાં રહેતા હોય.

વિદ્યાપીઠની આ ગ્રામાભિમુખતા વિદ્યાપીઠના બહારના કલેવરમાં પણ પ્રતિબિંબત થવી જોઈએ. તેમજ વિદ્યાપીઠના આંતરવ્યવહારમાં પણ પ્રતિબિંબિત થવી જોઈએ. એટલા માટે જ વિદ્યાપીઠના મકાનો ટકાઉ છતાં સાદા હશે; વિદ્યાપીઠના આહારવિહાર પૌષ્ટિક છતાં સાદા હશે. વિદ્યાપીઠની પ્રવૃત્તિઓ ઉત્પાદક તથા લોકજીવનને બંધબેસતી હશે. વિદ્યાપીઠ ગામડાંઓ પાસેથી લેશે તેના કરતાં વધારે ગામડાંઓને પાછું વાળશે.

આવા જીવન પરિવર્તનની શરૂઆત દરેક વ્યક્તિથી થવી જોઈએ. આવા જીવન પરિવર્તનના પાયામાં શારીરિક શ્રમ અનિવાર્ય છે. તે જ પ્રમાણે માણસના માનસિક તેમજ આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે શારીરિક શ્રમ અનિવાર્ય છે એમ આપણે સમજી લેવું જોઈએ. માનવીને આજે જો જીવનનું સમતોલપણું મેળવવું હોય, સમાજે પણ આજે જો સમતોલપણું જાળવવું હોય અને એ જ રીતે જે અનેક પ્રકારના ભય તેને ડરાવી રહ્યા છે તેમાંથી મુક્ત થવું હોય તો શારીરિક શ્રમને વ્યક્તિગત જીવનમાં તેમજ સમૂહજીવનમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન આપવું પડશે. એવું સ્થાન નહીં આપીએ ત્યાં સુધી આજના ઊંચનીચના તેમ જ ગરીબ- તવંગરના ભેદો ટળવાના નથી અને પરિણામે વ્યક્તિ કે સમાજ સુખી થવાનો નથી.

શારીરિક શ્રમ - ઉત્પાદક શારીરિક શ્રમની આવી પ્રતિષ્ઠા ગ્રામવિદ્યાપીઠના હાડમાં હશે. ગ્રામવિદ્યાપીઠનો આંતર-બાહ્ય વ્યવહાર આવા શ્રમના રંગથી રંગાયેલો હશે.

વિદ્યા વિદ્યામાં ફેર છે. આપણે તે સમજી લેવાનું છે. જુદા જુદા અનેક વિષયોની માહિતીઓ એક કોથળામાં ભરી હોય તો આપણે તેને વિદ્યા કહીશું? વિદ્યાનું એક લક્ષણ એ છે કે એના અંગો એકબીજાની સાથે તેમજ સમગ્ર વિદ્યાની સાથે સંકળાયેલા હોવા જોઈએ. આ પ્રમાણે અંગાગીભાવથી સંકળાયેલી ન હોય એવી વિદ્યા ખરી રીતે વિદ્યા જ નથી. પણ કાપીને એકબીજાની સાથે ચોંટાડેલા વિદ્યાના કટકાઓ માત્ર છે. આવી વિદ્યાના દેહને બે આંખો હોય છે ખરી પણ તે દેખતી નથી; વિદ્યાના આ દેહને બે કાન હોય છે પણ તે સાંભળતા નથી; વિદ્યાના આ દેહને વિદ્યાનો બાહ્યાકાર હોય છે, પણ ચેતના હોતી જ નથી. કોઈ દવાથી સાચવી રાખેલા મૃતદેહની માફક આ વિદ્યા પેટીમાં જ શોભે છે અને નમૂનારૂપે વિદ્યાર્થીઓને દેખાડવા માટે ઘણી ઉપયોગી પણ હોય છે.

(જૂન- ૧૯૫૩)

## ૦૨ ગો- ઉપાસના

**વિનોબા ભાવે**

---

વેદમાં ગો ગાયની એટલી બધી સ્તુતિ છે કે કદાચ બીજી કોઈ ચીજની એટલી નહીં હોય. ઋગ્વેદમાં ગાયનાં ૨૧ નામ આવે છે ! આ ઉપરાંત ગાયનાં બીજા નામો પણ વેદમાં આવે છે. વેદમાં ગો-વાચક શબ્દ કુલ ૭૪૨ વખત આવ્યો છે, અને દરેક જગ્યાએ આદરપૂર્વક.

ગોમાતા કેટલી વત્સલ, કેટલી મમતામયી અને પ્રેમમયી છે ! બબ્બે ત્રણ ત્રણ માઈલ જંગલ- ઝાડીઓમાંથી પોતાના વાછરડા માટે કેવી દોડતી આવે છે ! વૈદિક ઋષિઓ તો નદીઓને જોઈને પણ દૂધે ભરેલા આંચળવાળી વત્સલ ગાયને જ યાદ કરે છે. પહાડો અને પર્વતોમાંથી સ્વચ્છ જલધારાઓ લઈને કલકલ કરતી દોડી આવતી નદીઓ જાણે ગોમાતા જ છે ! ઋષિ નદીને કહે છે – 'હે દેવી ! દૂધના જેવું પવિત્ર પાવન, મધુર જળ લઈ આવનારી તું ધેનું જ છે. જેમ ગાય વાછરડાને છોડીને જંગલમાં નથી રહી શકતી, તેમ તું પણ અમને છોડીને પર્વતોમાં નથી રહી શકતી. છલાંગ મારતી પૂરપાટ દોડતી તરસ્યાં બાળકોની પ્યાસ છીપાવવા આવે છે.

ગાયનું દૂધ દોહવાની કલ્પના પણ માણસની એક મોટી ખોજ છે. સારી- ખરાબ જે હોય તે, એ માણસની ખોજ છે. ગાય, ભેંસ, બકરી વગેરેનું દૂધ પીવાની. તેણે એમ પણ માન્યું કે આપણે એનું દૂધ પીશું, તો આપણા માટે એ પ્રાણી માતા-પિતા સમાન થઈ જશે. ખેતી પછીના તેના જેવી જ આ એક મહાન શોધ હતી. ખેતી જેમ અહિંસાની દિશાનું એક મોટું પગલું હતું. તેમ અહિંસાની દિશાનું બીજું મોટું પગલું હતું. આને લીધે જ ભારતની જનતાએ ગાય પ્રત્યે પૂજ્ય ભાવ સેવ્યો ને બરાબર કેળવ્યો. ગાયને માનવ કુટુંબમાં સમાવી લઈને તથા છેવટ સુધી એક કુટુંબની માફક તેની સંભાળ લઈને ભારતે અહિંસાનો બહુ મોટો પ્રયોગ કર્યો.

ગોસેવા ને ગોપાલન બાબત પણ ઋષિઓએ ખાસ્સી ઝીણવટથી વિચાર કર્યો છે. વૈદિક ઋષિ કહે છે, 'પીવાનું ઉત્તમ પાણી બધે હોય અને તે ગાયોને મળે. ગાયો દુનિયા આખીની માતાઓ છે. એટલે કે એમની સાથે માતાઓ જેવો વ્યવહાર માણસે કરવાનો છે. ગાય સમાજના જીવન સાથે કેટલી ઓતપ્રોત થઈ ગઈ હતી ! 'દુહિતા' (દીકરી) શબ્દ કેવી રીતે બન્યો ? ગાયનું દૂધ દોહવાનું કામ ખેડૂતની દીકરીને માથે હતું. તે દોહનારી હતી એટલે તેને દુહિતા કહેવામાં આવી.

ગોપાલ-ગોપાલ તો ઘર-ઘરમાં જાણીતું નામ છે. કૃષ્ણ ગોપાલ હતા. એમણે ગાયોની કેટલી સેવા કરી ! નાનપણથી ગોવાળિયોઓ સાથે જ રહેતા, ગાયોને ચરાવવા જતા. દુનિયા એમને ગોપાલકૃષ્ણના નામે ઓળખે છે. ગોકુળને બધા યાદ કરે છે. ગોકુળમાં ગાયનો મહિમા હતો, ગાયના દૂધનો મહિમા હતો, માખણનો મહિમા હતો. આને હું માત્ર ગાયની સેવા કે ગાયનું પાલન નહીં કહું 'ગોસેવા' અત્યંત નમ્ર શબ્દ છે. 'ગોપાલન' બહુ મામૂલી શબ્દ છે 'ગોરક્ષા'માં અહંકાર આવી જાય છે. એટલે ગાયની ઉપાસના, 'ગો-ઉપાસના' એવો નવો શબ્દ હું દેવા માંગું છું.

તેમાં સેવા પણ થાય છે, ગાયનું રક્ષણ પણ થાય છે અને પાલન પણ થાય છે. ગાયની ઉપાસના એ દુનિયા આખીને ભારતી સંસ્કૃતિની એક ઉત્તમ દેણ છે. માનવમાત્રના જીવનમાં ગાયનું અનન્ય અસાધારણ સ્થાન છે. ભારતીય સંસ્કૃતિની ગો-ઉપાસનાની જે અનમોલ દેણ આપણને મળી છે. ગો-ઉપાસના કરતા રહી તેનું સંરક્ષણ અને સંવર્ધન પણ કરતા રહેવું જોઈએ.

## ૦૩ વસંત એટલે દિવ્ય થનગનાટની ઋતુ

**ગુણવંત શાહ**

---

વસંત એટલે જીવનના આવિષ્કારની ઉજાણી અને અસ્તિત્વના ઉલ્લાસની સરવાણી. વસંતઋતુ જેને અપસેટ ન કરે તેને 'આદમી' કહેવાનું ફરજિયાત નથી. વસંતે જેનું અનુસરણ ન કર્યું હોય એવી કોઈ પાનખર હજી પૃથ્વી પર અવતરી નથી. પાનખરમાં પડેલી વાસંતી શકયતાઓનો કોઈ પાર નથી. પાંદડું ખર્યાની વેળા, એ વાસ્તવમાં તો કૂંપળ ફૂટયાની વેળા બની રહે છે. વસંત પોતાની ભીતર પડેલી સુંદરતાને પ્રગટ કરે છે, જયારે પાનખર પોતાની ભીતર પડેલી સુંદરતાને વિખેરે છે. પાનખરની સુંદરતા વસંતની સુંદરતા કરતાં જરાય ઓછી નથી હોતી.

વસંત એ કંઈ છ ઋતુઓમાંની એક ઋતુ માત્ર નથી; એ તો જીવનયોગ છે. કોયલનો ટહુકો એ માત્ર મધુર ધ્વનિ નથી; એ તો સાક્ષાત ઋતુંભર દ્વારા માણસના કર્ણમૂળ સુધી પહોંચાડવા માટે ઉચ્ચારાયેલો મંત્ર છે. વસંતઋતુમાં બે 'મળેલા જીવ' વડીલોથી દૂર જઈને એકાંતમાં બેઠા હોય અને કોયલનો ટહુકો સંભળાય તો જે પાર્ટનર એ ટહુકો સાંભળીને મૂડમાં ન આવી જાય એને પરણવામાં બહુ માલ નથી. કોયલનો સ્વભાવ જ ઋતુગામી છે. એનો ટહુકો જયાં જાય ત્યાં વસંત લેતો જાય છે. ટહુકો એટલે વસંતનો ગાયત્રીમંત્ર. વસંતનો લય ટહુકા દ્વારા પ્રગટ થાય છે. કોયલનો ટહુકો આપણે સગે કાને સાંભળી શકીએ તે માટે ઘણી બધી બહેરાશ ખંખેરવી રહી. કોયલનો ટહુકો આપણો થાક ન ઉતારી શકે તો માનવું કે આપણે પોતે જ થાકવાપાત્ર અને કંટાળાજનક વ્યકિત છીએ.

શરદની ચાંદની પ્રેમીજનોને પાગલ કરનારી છે. કોઈ વાસંતી સવારે ગુલાબ સોળે કળાએ ખીલે ત્યારે થતી ચેતનાની કાંતિ ઝટ નજરે નથી પડતી.વસંતોત્સવ એટલે જ આનંદોત્સવ.વસંત આવે ત્યારે હજારો કિલોમીટરનું અંતર કાપીને આકાશમાર્ગે કરોડો ટહુકા પવનના પાલવમાં ઊડીને ચાલ્યા આવે છે અને વગડાને મધુર સ્વરથી ભર્યો ભર્યો બનાવી મૂકે છે. ઋતુરાજનો વિરાટ દરબાર એટલે વગડો. ઋતુરાજનો છડીદાર એટલે કેસૂડો. કોયલનો ટહુકો એટલે ઋતુરાજનો કોસ્મિક સ્વર. ઋતુરાજની પ્રિયતમાને લોકો મંજરી કહે છે. એ ઉત્સવમાં જે કોઈ સામેલ ન થાય તેને દુઃખી થવાનો હક છે.

વસંતની પજવણીનો આદર કરે એ પ્રિયજન કહેવાય. જેને ભર યુવાનીમાં વસંત ન પજવે એને ઘડપણમાં કશુંય ન પજવે. વસંત ખરા અર્થમાં આધ્યાત્મિક ઋતુ છે. વસંતના આધ્યાત્મને હું 'કુસુમિત આધ્યાત્મ' કહું છું. એમાં દ્રવ્ય કરતાં અદ્રવ્યનું, પદાર્થ કરતાં અપદાર્થનું અને સ્થૂળ કરતાં સૂક્ષ્મનું મહત્ત્વ છે. વસંત એટલે દિવ્ય થનગનાટની ઋતુ. દિવ્ય થનગનાટનો ખરો સંબંધ રોમાન્સ સાથે હોવો જોઈએ. મરવાના વાંકે જીવનારા કરોડો લોકોને જીવવાનો ચસકો લગાડે તેવી દિવ્ય ઋતુને લોકો વસંત કહે છે.

વસંતનો ઉદ્ભવ જ આદમીને ખલેલ પહોંચાડવા માટે થયો છે. પત્ની હોય એના કરતાં અધિક સુંદર લાગવા માંડે અને પતિ હોય એના કરતાં વધારે સમીપ લાગવા માંડે ત્યારે જાણવું કે વસંત આવી પહોંચી છે. વસંતના આગમન પછી પણ જેમને કશીય ખલેલ ન પહોંચે તેવા લોકોને સ્થિતપ્રજ્ઞ કહેવાની જરૂર નથી.ખરો સ્થિતપ્રજ્ઞ ઋતુગામી હોઈ શકે, ઋતુપ્રૂફ ન હોઈ શકે. ઋતુ અને જીવનનો સુમેળ નથી રચાતો. વસંત પાસે આખા વર્ષનો થાક અને કંટાળાને દૂર કરવાની બધી જ સામગ્રી હોય છે. વસંતના અનેક ઉપકારો સમજવામાં નિષ્ફળ જનારા માણસે થાક અને

કંટાળાની શોધ કરી છે.

પ્રત્યેક ડાળીએ, કળીએ, પાંદડે અને પાંખડીએ દિવસો સુધી સૂરજ,પવન, પર્જન્ય અને પરમેશ્વર ભેગાં મળીને ઝીણું ભરતકામ કરે ત્યાર પછી વસંતનું આગમન થતું હોય છે. બધું ડહાપણ બાજુએ મેલીને પ્રકૃતિના રંગસાગરમાં ડૂબકી મારવાની આ ઋતુ છે. સંવાદિતાથી ભરેલી આ સૃષ્ટિમાં લયલીલા ચાલતી જ રહે છે. સમગ્ર સૃષ્ટિ એક વિરાટ હાર્મોનિયમ છે. સંવાદિતા એટલે પરમ નિયમનું સુમધુર સંગીત. ધન્ય તે ઋતુ જે સંડોવે સૃષ્ટિને સ્નેહના ષડ્યંત્રમાં !

જે માણસ વસંતની પજવણી ન માણે તે દુનિયાની બીજી બધી પજવણીઓની પીડા વેઠવા માટે લાયક ગણાય. અસ્તિત્વના ઉત્સવમાં સામેલ થઈને વ્યવહારુ દુનિયાની પીડાઓને ઉલ્લાસમાં ઓગાળી દેવાની ઋતુ વસંત છે. વસંતનો નશો ચડે પછી શરાબની જરૂર નથી રહેતી. માણસ અસલ નશો ન પામે ત્યારે જ તકલાદી નશાને શરણે જાય છે. વસંતનો ખરો સંબંધ તો પરમ ચેતનાના વિરાટ ચકરાવા સાથે છે. માણસના જીવનનો ચકરાવો રોજની ઘટમાળ સાથે સંબંધ ધરાવે છે.

સમગ્ર સૃષ્ટિમાં સંવનનનું સૌદર્ય છવાયું છે. આખી સૃષ્ટિ રોમાન્સથી ભરેલી છે. શૃંગાર એટલે શણગાર. વસંતઋતુ રોમાન્ટિક છે. વસંતની માતૃભાષાને કવિઓ પ્રેમ કહે છે. વાસંતી નશો માણવામાં મૌન ભારે મદદરૂપ થાય છે. મને કહેવાનું મન થાયઃ કોયલને ટહુકે ઘવાયેલા ફૂલ પર પતંગિયું બેઠું ત્યારે વસંતે વાયરાને કાનમાં કહ્યુંઃ તારે કવિનું મૌન જોવું છે?

શુષ્ક માણસ આગળ વસંત પણ છોભીલી પડી જાય છે. ટહુકો કોયલનો દિવ્ય વિસ્મયોદ્ગાર છે. એરકન્ડિશન્ડ ઓરડામાં કોયલના ટહુકાને પ્રવેશવાની છૂટ નથી હોતી. વસંતના વાવડ કેસૂડાં કે પછી મંજરી દ્વારા મળતા હોય છે. કેસૂડાં નીરખવા માટે વગડામાં જવું પડે, પરંતુ માંજરિયાળો આંબો તો ઘરના બાગમાં પણ હોઈ શકે. વસંતના આગમન સાથે બધું બદલાય જાય છે. ઋતુઓના નાજુક અણસારા પાંદડાં પામે એમ માણસે પામવા જોઈએ. મને આ પૃથ્વી પર અવતરતી છ છ ઋતુકન્યાઓ ગમે છે. એ ઋતુકન્યાઓને છોડીને હું મોક્ષની માથાકૂટમાં પડવા માગતો નથી. આનંદ વિનાના અધ્યાત્મમાં મને લગીરે રસ નથી.

ટહુકો

વડોદરું

એકવીસમી સદીમાં ઊઘડતી ઉષાને નીરખીએ,

તો

પૂર્વાકાશની લાલચોળ ક્ષિતિજ પર એક નૂતન માનવી ઊભેલો દેખાશે.

એ માનવીની ઝંખના કેવળ એક ધર્મની

કે એક કોમની જ ઝંખના નથી.

એ ઝંખના ઈન્સાનિયતની કે આદમિયતની ઝંખના છે.

એ ઝંખના પૃથ્વી પર કેવળ બે જ વિભાગોનો સ્વીકાર કરે છેઃ

પુરુષ અને સ્ત્રી.

એ ઝંખનાનું ગુરુત્વ મધ્યબિંદુ એક જ છે અને તે છે :

સ્ત્રી-પુરુષ સહજીવન.

એ ઝંખના પ્રગટ કરવા માટે બે શબ્દો પૂરતા છેઃ પ્રેમ અને કરુણા.

એ ઝંખનાના પાદર પર ત્રણ રસ્તા જોવા મળે છે અને ત્રિભેટે એક દિશાસૂચક

બોર્ડ પર ત્રણ ગામોનાં નામ વાંચવા મળે છે :

સત્યમ્ - શિવમ્ - સુંદરમ્ !

ગુણવંત શાહ

## ૦૪ સાધુ જ્યાં જાય ત્યાં અજવાળું લઈને જાય છે.

**મોરારિબાપુ**

---

સંત શા માટે પૂજાય છે? શા માટે સાધુપુરુષ પ્રત્યે આપણે ખેંચાઈએ છીએ? શા માટે વિશ્વમાં બુદ્ધપુરુષોનો આટલો બધો મહિમા છે ? કયારેક કયારેક તો ઈશ્વરથી પણ વધારે મહિમા છે. શા માટે? અનેક કારણ હોઈ શકે છે, પરંતુ કેન્દ્રવર્તી કારણ છે એમની પરહિતની વૃત્તિ. આ ભાણ ઊગ્યો છે આખા જગત માટે. રવિ બધાનો, ભાણ બધાનો, જીવણ બધાનો, ખીમ બધાનો, ત્રિકમ બધાનો, જલારામબાપો બધાનો. આને શું કામ સાંકડા કરીએ ? કયારેક-કયારેક આશ્રિતો જ પોતાના મહાનતમ્ સંતને સાંકડા કરી દેતા હોય છે ! સર્વોત્તમ કૃપા એ છે જયારે કોઈ સાધુ મળી જાય, કોઈ સંત મળી જાય, જેની પાસેથી શાંતિ મળે. જેમની પાસે જવાથી ગહનમાં ગહન સમસ્યાઓના જવાબ મળી જાય, એ ભગવદ્કૃપા છે.

સજ્જન એ છે જે જાગી ગયો, સાધુ એ છે જે ઊઠી ગયો અને સંત એ છે જે પરમાત્મા પાસે પહોંચી જાય. જે માણસ સાધુ થઈ જાય, જેનું અંતઃકરણ પરનિંદા, પરધન, પરદારને, પરવાદથી મુકત થઈ, વિશુદ્ધ થઈ જાય, એને શાસ્ત્રમાં પણ પ્રમાણ ખોજવાની જરૂર નહીં એના અંતઃકરણમાં અવાજ ઊઠે એ જ પ્રમાણ છે. સાધુ કોઈ વ્યકિતનો અનાદર સહી લે છે, ત્યારે એ પરમાત્મા તરફ ગતિ કરે છે.

સાધુ જયાં જાય ત્યાં અજવાળું લઈને જાય છે. સાધુ એ છે, જેમને કોઈ પાપી જ નથી દેખાતું. જીવનમાં આવતી તમામ પરિસ્થિતિને સ્વીકારે એનું નામ સાધુ. પ્રભાવનો પરદો હટાવીને આપણને આપણા સ્વભાવમાં સ્થિર કરે એ સાધુ. સદ્ભાવના મૂળમાં સાધુભાવ હોવો જોઈએ. કોઈ વ્યકિતને જોઈને અંતઃકરણમાં પ્રીત ઉમટી આવે તો સમજો કે એનામાં સાધુતા છે.

સાધુ-સંત સહાનુભૂતિ જ નહિ, સમાનુભૂતિ કરે છે. સહાનુભૂતિ તો સારા માણસો કરતા હોય છે, પણ સાધુ-સંતને તો તમને જયારે પીડા થાય,ત્યારે એને પણ પીડા થાય. સંત સમાજ પ્રયાગ પણ છે અને પયોધિ પણ છે. સંતસમાજના પયોધિમાંથી પ્રેમનું અમૃત નીકળે છે. સંતવાણી સ્નેહાત્મક, શાસ્ત્રાત્મક, સૂત્રાત્મક અને સત્યાત્મક હોય. સંતસભારૂપી અયોધ્યામાં ઈશ્વર પ્રગટે છે. સંસારિક વસ્તુઓનું મળવું એ પ્રારબ્ધનો ખેલ, ભાગ્ય છે, પણ સંતનું મળવું, પરમાત્માના દાસનું મળવું એ બડભાગ છે.

સજ્જન એ છે જે જાગી ગયો, સાધુ એ છે જે ઊઠી ગયો અને સંત એ છે જે પરમાત્મા પાસે પહોંચી જાય. સાધુ એક વિશુદ્ધ વિચારનું નામ છે. સાધુ ચમત્કાર કરે નહીં. સાધુપણું સ્વયં ચમત્કાર છે. સાધુ સૂતેલો હોય તો પણ એની સાધના કામ કરતી હોય છે. સાબુ કપડાંને સ્વચ્છ કરે અને સાધુ કાળજાંને સ્વચ્છ કરે, પવિત્ર કરે. સાધુ તો એક અનંતયાત્રા, અનંત પ્રવાહનું નામ છે, સાધુ તો હવા છે, એને કુટિયામાં કે મહેલમાં કેદ કરી શકાતી નથી.

પ્રલોભન આપે એ સાધુ નહીં. સાધુ મધુકરની માફક ગુણગ્રાહી હોય છે. સાધુનો કોઈ વર્ણ નથી હોતો, સાધુ વર્ણથી બહાર હોય છે. સાધુ કોઈનું કરજ નથી રાખતા. એ બધું દેતા જ રહે છે. જે નિરંતર જપ કરે છે અને જેને

ખુદને પણ ખબર નથી કે મારા જપ ચાલી રહ્યા છે. સાધુ એ છે જે દાન આપે છે. જે નિરંતર આપે છે. સાધુ પરિગ્રહી નથી,અપરિગ્રહી છે. સાધુ પાસે આવ્યું અને લુટાવ્યું ! અરે, ખુદને લુંટાવી દે છે ! જેનું જીવન સાદું, સારું, સાચું અને સૌની સામું એનું નામ સાધુ. સાધુ તો સ્વીકાર પણ કરે અને જીવનમાં કોઈનો તિરસ્કાર પણ ન કરે એ સાધુ. સમયની સાથે જરાય તકરાર ન કરે એનું નામ સાધુ.

આપણા વિશ્વાસને દ્રઢ કરે એ સાધુ. નિરંતર સાવધાન રહે એનું નામ જ સાધુ. હું ગૃપનો સાધુ નથી. હા,મારી કોઈ ટોળી નથી, મને ફકીરી હાલનો સાધુ, અવધૂતિ સાધુ બહુ ગમે. સાધુને ગર્વ ન હોય, પણ ગુરુકૃપાનું ગૌરવ જરૂર હોય. સાધુ આશ્રિતની સહજતાનું શોષણ નથી કરતા. આપણને દુઃખ આપણા માટે થાય છે, સાધુને દુઃખ બીજા માટે થાય છે. સંસારી એટલે ગણિતમાં પાવરફુલ અને સાધુ એટલે ભૂમિતિમાં પાવરફુલ. સાધુ એ કે જેમની પ્રશંસા કરવામાં આવે તો એમના કાન સંકોચ અનુભવે અને બીજાની વાત આવે તો વધારે હર્ષ અનુભવે તે સાધુ. જે ખાલી હોય એ સાધુ, જે ખાલી હો. જગતમાં માણસ ભરાયો કેટલો એનું મૂલ્ય હોય છે,અને અધ્યાત્મમાં માણસ કેટલો ખાલી એનું મૂલ્ય હોય છે. જે માલિક નથી,માળી છે એ સાધુ છે. જે માલિક ન બને, સ્વામીત્વ નિર્માણ ન કરે,પણ માલી બને, બધાં છોડને સીંચે, દરેક ફૂલને શણગારે, કચરાને દૂર કરે. જે વાલી હોય એ સાધુ છે. બધાનો પાલક હોય, ભલે પિતા ન હો પણ લાગે કે આ મારા બાપ છે. મા ન હો, તોયે લાગે કે આ મારી મા છે. સાધુ એ છે જેનું જીવન આખા સમાજની સામુ હોય, દર્પણ જેવું જીવન હોય. જેનું જીવન સાચું હોય,જેના આચાર, વિચાર, ઉચ્ચાર સાચા હોય એ સાધુ છે. જેનું જીવન સાવ સાદું હોય, જેની વાણી, વેશ, વર્તન,ભોજન બધું જ સાદું હોય એ સાધુ છે. જેનું જીવન સાબુ જેવું હોય એ સાધુ છે. સાધુ આપણા કાળજાના મેલ કાઢી નાખે છે.

સંગ કરવો પણ સાધુનો સંગ કરવો. સાધુ તો વૃત્તિથી થવાય છે, વસ્ત્રોથી થોડું થવાય છે? સાધુનો સમાજ ગુરુના કોઠામાંથી પાકેલો વર્ણ,જાતિ, જ્ઞાતિથી મુક્ત સમાજ છે. ઈશ્વરને તોલવા આસાન છે. સાધુને તોલવા મુશ્કેલ છે. લોકમત વારંવાર બદલાય છે, સાધુમત કયારેય બદલાતો નથી. જેમની પાસે જતાં-જતાં બોલનારા પણ મૌન થવા લાગે તો સમજવું કે સાધુતા છે. મૌન જેમનો સ્વભાવ હોય એ સાધુતા છે. ભગવાનના ચરણમાં જેમની પ્રીત અખંડ હોય એ સાધુતા છે.

આંખોની નિર્મળતા સાધુનું લક્ષણ છે. ઉદાસ માણસ પરમાત્માને ગમતો નથી. ધર્મગુરુ ઉદાસ હોય તો એ પરમાત્માને ગમતું નથી. સાધુના હૃદયની ભીતરી પ્રવૃત્તિને પ્રમાણ માનવામાં આવે છે. હે સમાજ, સાધુને સાધન ન બનાવો. સાધુ સમાજનું સાધ્ય છે. સાધુની વિનમ્રતાનો ખોટો અર્થ ન કરવો. ફકીરને સાધન ન બનાવાય. ફકીર તો આપણું લક્ષ્ય હોવું જોઈએ. સાધુને જે દિવસે સાધન બનાવવામાં આવે તે દિવસે સંસ્કૃતિ પોક મૂકે છે. સાધુપુરુષ પ્રત્યે આપણે કેમ ખેંચાતા જઇએ છીએ અને વિશ્વમાં બુદ્ધપુરુષોનો આટલો બધો મહિમા કેમ છે? એના કારણ હોઈ શકે, પરંતુ એનું કેન્દ્રવર્તી કારણ છે એમની પરહિતની વૃત્તિ. સાધુના જીવનમાં બંદગી અને સાદગીનો સમન્વય થયો હોય છે. સાધુની સાથે સંબંધ જોડવાથી કદી કાર્યમાં હાની નથી આવતી. સાધુ સંગત અને પંગત બન્ને મહત્ત્વના છે. સાધુનો કોઈ ધર્મ નથી હોતો,સાધુ સ્વયં ધર્મ છે.

(સંકલન : ડૉ. દિનુભાઈ ચુડાસમા)

## ૦૫ લોરેન્સ એંથની અને હાથીઓના ઝૂંડની સંવેદનશીલતા

**સુભાષ ભટ્ટ**

'જંગલબુક'માં મોગલી કહે છેઃ

'જંગલ મારી સાથે વાતો કરે છે કારણ કે એને શી રીતે સાંભળવું એ મને આવડે છે.'

પણ આવો સંવાદ ત્યારે જ શક્ય બને છે જ્યારે આપણી અને અન્ય ચેતન્યજગત વચ્ચેની સરહદો ભૂંસાઈ જાય.જો મૈત્રીને સમગ્રતાથી સાંભળીએ તો પ્રકૃતિનો દરેક જીવ આપણી સાથે વાતો કરતો હોય છે. આવો, આપણે એક એવા જણ સાથે દોસ્તી કરીએ જેના બધા શ્વાસ પ્રકૃતિના જીવો માટે સમર્પિત હતા.

નામ હતું લોરેન્સ એન્થની (જન્મ : ૧૭-૯-૧૯૫૦ અને મૃત્યુ : ૨-૩- ૨૦૧૨) બાળપણ દક્ષિણ આફ્રિકાનાં જંગલોમાં વીત્યું. લુપ્ત થતી પ્રાણીઓની પ્રજાતિ માટે ભારે લગાવ હતો. તે માનતો કે આપણી અને પ્રાણીઓ વચ્ચે કોઈ દીવાલ નથી હોતી, સિવાય કે 'હું અને મારો પરિવાર' નામની સ્વાર્થી દીવાલને બાદ કરતાં. ક્રમશઃ તે પ્રકૃતિના પ્રેમમાં સ્વયંને ખોતો ગયો. સમગ્ર જીવનના ઐક્ય વિશે લખવું અને એને જીવવું એ બંને વચ્ચે ઘણો ભેદ છે. જુઓ....

બગદાદનું પ્રાણીસંગ્રહાલય એટલે મધ્ય પૂર્વનું સૌથી મોટું ઝૂ. ઈ.સ.૨૦૦૩માં અમેરિકાએ બગદાદ પર બોમ્બ મારો શરૂ કર્યો. તેના ઝપાટામાં આ ઝૂ પણ આવી ગયું. દુર્લભ અને લુપ્ત થતાં પ્રાણીઓનો પ્રેમી એવો લોરેન્સ એન્થની ત્યાં ઘસી ગયો. જોકે તે પહોંચ્યો ત્યારે ત્યાંના ૭૦૦માંથી માત્ર ૩૫ પ્રાણીઓ જીવતાં રહેલાં, પણ તેણે આ બધાંને બચાવ્યાં. આપણે બળતા ઘરમાંથી ઘરેણાં અને બચતપત્રોને બચાવવાની ધમાલમાં લોકોનાં પત્ની અને બાળકો દાઝી મર્યા હોય એમ સાંભળીએ છીએ. કદાચ એન્થનીની આ મૈત્રી આપણને નહીં સમજાય. તેની આ સિદ્ધિ માટે યુ.એન. દ્વારા તેને 'અર્થ ડે' એવોર્ડ મળ્યો. તેના જીવનનો ખરો આત્માવાન વળાંક હવે આવ્યો.

પર્યાવરણની એક સંસ્થાએ તેની મદદ માંગી કે અમારા પાર્કના નવ હાથીઓ ભાગી છૂટ્યા છે અને કવાઝુલુ - નતાલ માનવ- વિસ્તારને રંજાડે છે, તમે આવી એમને બચાવો અથવા અમે એમને મારી નાખીશું. એન્થની એ પડકાર ઝીલે છે અને ચૈતન્યજગતનું અદ્ભુત એન્કાઉન્ટર રચાઈ જાય છે. સવારના ૪.૪૫ થયા છે. આક્રમક હાથીઓના ટોળાની નેતા 'નાના' અને એનું બચ્ચું અને એન્થની સામસામાં આવી ઊભાં છે. બંને વચ્ચેથી ૮૦૦૦ વોલ્ટનો કરંટ આપે એવી વાડ પસાર થાય છે. એન્થની નાનાને કહે છેઃ 'નાના, આમ ના કર. હવે આ તારું ઘર છે. છોકરી, આવું ના કર. તમે આની બહાર જશો તો તેઓ તમને મારી નાખશે. હવે તમારે ભાગમભાગ કરવાની જરૂર નથી.'

બસ, થોડી પળો તણાવપૂર્ણ ગઈ, પણ લોરેન્સની મૈત્રીપૂર્ણ આંખો અને ભાવપૂર્ણ શબ્દનો અલૌકિક પ્રભાવ નાનાએ ઝીલ્યો. બંને વચ્ચે સ્નેહ અને સમજનો સંવાદ રચાયો અને હાથીઓનું એક ઝૂંડ જંગલમાં પાછું ફરી ગયું.

લોરેન્સ અને હાથી વચ્ચેની સીમા વિખેરાઈ ગઈ. જો આ સીમા ઓગળી જાય તો સમજાય કે દરેક જીવ બોલે છે- સાંભળે છે .

તારીખ ૨-૩-૧૨ના દિવસે આ જીવનપ્રેમી લોરેન્સ એન્થની હૃદયરોગથી મૃત્યુ પામ્યો. નહિતર તારીખ ૧૨- ૩ - ૧૨ના દિવસે તેના પુસ્તક 'ધ લાસ્ટ રીનો'નું લોકાર્પણ હતું. વિશ્વનાં પંખી - પ્રાણી - જીવનપ્રેમીઓએ તો તેના મૃત્યુની નોંધ લીધી; પણ તેના જિગરજાન દોસ્તો- હાથીઓએ જુઓ શું કર્યું. તેમને ફોન, ટીવી, છાપાં વિના

જ એન્થનીના મૃત્યુની ખબર પડી ગઈ.

ઝૂલેન્ડ જંગલના હાથીઓનાં બે જૂથો જે બંનેને એકબીજા સાથે બનતું પણ નહોતું એવા કુલ ૩૧ હાથીઓ લોરેન્સ એન્થેનીના થુલાથુલા નિવાસને આંગણે આવી ઊભા- માત્ર મૌન સાથે. તેઓ બાર માઈલ ચાલીને આવ્યા ગંભીરતા અને ગરિમા સાથે. હરોળમાં જ ચાલ્યા - હરોળમાં જ આવી ઊભા. તેઓ બે રાત્રી અને બે દિવસ રોકાયા. લોરેન્સની પત્ની ફેકોઈઝ માલ્બી અને સંતાનો ડાયલન અને જેસન સામે- સાથે રોકાયા. ના કશું પીધું , ના કશું ખાધું. જાણે મિત્રના મૃત્યુની અદબ પાળી અને પછી એવી જ ગંભીરતા સાથે પાર્કમાં પાછા ચાલ્યા ગયા.

કદાચ આપણા સુખનો આધાર આપણે શું જાણીએ એના પર ઓછો છે પણ શું ફીલ કરીએ છીએ એના પર વધારે છે. આ પૃથ્વી પર માનવબુદ્ધિથી વધારે ગહન,ભવ્ય અને મહાન કશુંક છે.

સ્મશાનમાં પણ ફેશબુક જોતા અને પરિવારનો સભ્ય બળતો હોય ત્યારે પણ ક્રિકેટ મેચનો સ્કોર પૂછતા લોકોને આ ચેતન -મૈત્રી કદાચ ન સમજાય.

### પ્રેમ-મૈત્રી

પ્રેમ-મૈત્રીનું વ્યક્તિ-ચૈતન્ય જ વિસ્તરતા વિસ્તરતા વિશ્વ-ચૈતન્ય બની જાય છે. પ્રેમમાં કયારેક પુષ્પને સ્થાને ઉપવન, પગલાને સ્થાને પંથ, ક્ષણને સ્થાને સદી, સ્મિતને સ્થાને જીવતર,શ્વાસને સ્થાને પ્રાણ દેવાઈ જાય છે. પ્રેમ સમસ્ત અસ્તિત્વને સમાવી લે તેવી ચેતના છે. તેનો સ્ત્રોત અને ધારા અખૂટ છે. પ્રેમથી પ્રાર્થના સુધી પહોંચતા ક્રમશઃ અહં,ઓળખ, અસ્મિતા ખરી પડવા જોઈએ, બલકે ખરી પડે છે.

મૈત્રીમાં બંનેનો જીવ-પ્રાણ અરસપરસમાં સંતાડેલો હોય છે. મૈત્રી એક અપૂર્વ યાત્રા છે, જેમાં ચાલવાનું, અટકવાનું ,ભટકવાનું, દોડવાનું ,પડવાનું અને ઘવાવાનું છે, પણ આખરે પહોંચવાનું છે. મૈત્રી એ પ્રેમનું શિખર છે. વધુ તેજસ્વી, વધુ ઉચ્ચ, વધુ નિખરેલું રૂપ. પ્રેમનો ધ્વનિહીન વિસ્ફોટ જ મૈત્રીની જન્મક્ષણ છે. મૈત્રીમાં તો બંને એકમેકને; સાંભળે અને સંભાળે, સહન કરે અને સહાય કરે,ઓગળે અને ઓગાળે, સમાવે અને સમાય જાય...મૈત્રી એટલે દિશા અને દશાની ચિંતા અને ચર્ચા કર્યા વિના સદીઓ અને જન્મો સુધી સાથે ચાલવાની તૈયારી...

મૈત્રી એટલે સદીઓ અને જન્મો સુધી એક અજ્ઞાત નદીને કિનારે બેસી વાતો કરવી કે મૌન બેસવું... મૈત્રી એટલે ઓળખ-અસ્મિતાના ઘાટેથી હલેસાં મારતા નાવને પ્રાર્થનાના પરમ ઘાટે દોરી જવી...મૈત્રી એટલે જેની સાથે સો પાનખર રણમાં વિતાવી શકાય પણ જેના વિના વસંતની એક પળ પણ ન વિતાવી શકાય. પ્રેમ કરવો અને પામવો, મૈત્રી કરવી અને પામવી એ જીવનનો સર્વોચ્ચ આનંદનો અનુભવ છે. મૈત્રી તો મંગલમય અને કલ્યાણમય બને કે તે પ્રાર્થના બની જાય છે. પ્રેમ તટ છે, મૈત્રી નદી છે, પ્રાર્થના સાગર છે. પ્રેમ,ધ્યાન,મૌન, મૈત્રી, પ્રાર્થના એ બધા એવા બીજ છે જેના થકી જીવન આખું એક ઉપવન બની શકે. તેમના થકી ચિત્તનું, ચૈતન્યનું રસાયણ બદલાઈ જાય છે. પ્રેમ-મૈત્રી પરિશુદ્ધ થતા પ્રાર્થનાવસ્થામાં તો પગલે પગલે જયોત અનુભવાય છે, અંતે આપણે તેના નૂરમાં બધું અને બધામાં તેનું નૂર જોતા થઈએ છીએ. આપણે પ્રેમને ધર્મ તરીકે સ્વીકારીએ છીએ ત્યારે મૈત્રી આપણી ભાષા બની જાય છે.

મૈત્રીમાં મિત્ર શ્વાસ જેટલો નજીક અને આકાશ જેમ વિસ્તૃત હોય છે. મૈત્રી એ પરમની પરિભાષા છે.

- સુભાષભટ્ટ

## ૦૬ આપણાં કામોની પ્રાથમિકતા કેવી રીતે નક્કી કરવી? - ૩

**મુનિ દવે**

---

**૧. મહત્ત્વનાં અને બીનતાકીદનાં કામઃ**

અહિયા આપણે લાંબા સમયનું આયોજન અને શક્ય પ્રશ્નોને ઊભા થતાં અટકાવવાનાં કામ કરીએ છીએ. તેમ છતાં જો થાય તો તે માટે કર્મચારીઓને જરૂરી સત્તા આપીએ છીએ. તે માટે આપણા માનસને મોકળું કરીએ છીએ અને આપણી કુશળતાઓ (આગ નિયંત્રિત કરવાની, પ્રાથમિક સારવાર આપવાની... વગેરે) વધારીએ છીએ. આ ચોકઠા તરફ બેદરકાર રહેશું તો પહેલા ચોકઠાનાં કામ વધ્યા કરશે.

**૨. તાકીદનાં અને મહત્ત્વનાં કામઃ**

આમાં આપણે વિવિધ કામો કરીએ છીએ, જેવાં કેઃ ઉશ્કેરાયેલા ગ્રાહકો-હિતધારકોને સંભાળવા, બંધ પડેલા મશીનને ચાલુ કરવું, સોંપાયેલા કામની સમયમર્યાદાને જાળવી રાખવી, પોતાનાં કે પરિવારનાં મહત્ત્વનાં આરોગ્ય વિષયક કામ અંગે હોસ્પિટલ કે ડોક્ટર સામે હાજર રહેવું... વગેરે. તે ઉપરાંત ઓફિસમાં આપણને એવાં ઘણા પત્રો મળે છે જેના પર VIP, VVIP. MOST IMP જેવી નોંધ લખેલી હોય; મતલબ કે બધું કામ છોડી પહેલાં આ કામ કરો અને તુરંત જવાબ આપો. ઓફિસમાં આપણે સંચાલન કરીએ છીએ, ઉત્પાદન કરીએ છીએ, આપણા અનુભવને કામે લગાડીએ છીએ અથવા યોગ્ય નિર્ણય લઈએ છીએ. આ બધાં કામો એવાં છે જેને મુલત્વી રાખી શકાય કે ઉવેખી શકાય તેમ નથી. એ કર્યા વગર છૂટકો નથી.

પણ તે સાથે આપણે એ પણ સમજવું પડે કે આવી ઈમરજન્સી ઊભી ન થાય તેનું આયોજન કરી શકાય, જે મહત્ત્વનું કામ છે.

**૩. બીનતાકીદનાં અને બીનમહત્ત્વનાં કામઃ**

અહિનાં કામ ના તો તાકીદનાં છે, કે ના મહત્ત્વનાં છે. આ સમયનો વ્યય કરનારાં કામ છે. તમે ત્યાં ન હોવા જોઈએ. પણ ક્યારેક તમે કંટાળેલા કે થાકેલા હો. ત્યારે હળવા થવા માટે કે મનોરંજન માટે કરો છો. પણ એ સાચું મનોરંજન નથી. તમે બીનજરૂરી ટોળટપ્પા કરો છો કે કોઈની કૂથલી સાંભળો છો, જે તમારા મનમાં કચરો ભરે છે. અથવા તમે અર્થ વગરની ટીવી સિરિયલો કે ફિલ્મો જુઓ છો, જે તમારા જીવનમાં જરૂરી નથી અથવા તો ક્યારેક નુકસાનકારક છે, તેવી માહિતિ મગજમાં એકઠી કરો છો. અથવા વોટ્સએપમાં કે યુટ્યુબ પર સમય પસાર કરીને મનોરંજનના નામે તમે અર્ધસત્ય કે સંપૂર્ણ અસત્ય બાબતો મનમાં ભરો છો જે તમને ખોટા નિર્ણયો લેવા તરફ દોરી જાય છે. અથવા, તમને તાકીદનાં કામનું બંધાણ કરાવશે. તમે વારેઘડીયે તાકીદનાં કામમાં વણસંતોષાયેલી જરૂરિયાતોને પૂરી કરવામાં વ્યસ્ત થઈ જશો, જે તમને 'સર્વોત્તમ કટોકટી મેનેજર' નું બિરુદ આપશે.

જ્યારે આપણે માનવો (પતિ, પત્ની, બાળકો, પડોશીઓ, સગાંઓ, ઓફિસનાં સહકાર્યકર્તાઓ, ઉપરીઓ કે આપણા હાથ નીચે કામ કરતા લોકો, ચપરાશીઓ...) સાથે કામ કરીએ ત્યારે આ બાબતો સમજવી જરૂરી બની જાય છે.

**૪. તાકીદનાં અને બીનમહત્ત્વનાં કામઃ**

અહિંનાં કામ તાકીદનાં છે પણ મહત્ત્વનાં નથી. આ છેતરામણાં કામ છે. આ કામ તાકીદનાં હોવાનો દેખાવ કરે છે અને જો ખરેખર તાકીદનાં છે તો એ તમારાં માટે નથી. બીજા કોઈએ એ કામ કરવાનાં છે. પણ તમારે વ્યસ્ત દેખાવું છે એટલે તમે તેમાં કૂદી પડો છો. પછી તમે જાતને એ સમજાવવા પ્રયત્ન કરો છો કે તમે ૧ નંબરના ચોકઠાનાં કામ (તાકીદનાં અને મહત્ત્વનાં) કરો છો.

હવે આપણે કંપાસ અને ઘડિયાળ સાથે સજાગપણે જીવતા શીખવાનું છે.

માનવમાત્રની પ્રાથમિકતા કઈ હોય?

મહત્ત્વની ચાર માનવીય જરૂરિયાતોઃ

જીવતા રહેવું (Live), પ્રેમ કરવો અને પામવો

(Love), શીખતા રહેવું (Learn), અને પોતાનું નામ બનાવવું જેથી લોકો તમને યાદ કરે (Leave Legacy).

જીવતા રહેવું એ શારીરિક જરૂરિયાત છે. જેમાં પોતાના માટે અને પરિવાર માટે પૂરતી આર્થિક સંપન્નતા, પોતાનું ઘર, શિક્ષણની સુવિધા, પૂરતો ખોરાક, આરોગ્ય સુવિધાનો સમાવેશ થાય.

પ્રેમ કરવો-પામવો એ સામાજિક જરૂરિયાત છે. માણસ એકલો નથી રહી શકતો. તેને સમાજ સાથે રહેવું છે અને સમાજમાં સ્વીકાર્ય બનવું છે. આથી તે કોઈને પ્રેમ કરે છે અને તેની અપેક્ષા છે કે કોઈ તેને પ્રેમ કરે.

શીખતા રહેવું એ તેની માનસિક જરૂરિયાત છે. આપણે સહજપણે, જાણ્યે-અજાણ્યે શીખતા રહીએ છીએ. જ્યારે નવું શીખતા નથી ત્યારે સમાજથી અળગા પડી જઈએ છીએ.

પોતાનું નામ બનાવવું એ આધ્યાત્મિક જરૂરિયાત છે. તેને એવું કંઈક કરવું છે, જેથી તેના ગયા પછી પણ કોઈ તેને યાદ કરે.

જીવનની પરિપૂર્ણતા માટે આ ચાર આપણી મૂળભૂત જરૂરિયાતો છે. જો એ પૂરી ન થાય તો તો જીવનમાં ખાલીપણું, અધૂરાપણું લાગે છે. અને તે પૂરું કરવા ક્યારેક તાકીદનાં કામોમાં રસ દેખાડીએ છીએ. તાકીદનું બંધાણ આપણને અંશતઃ પરિપૂર્ણતાનો સંતોષ આપે છે.

જીવનમાં 'પહેલી બાબત' કઈ ગણવી અને તેને આપણાં જીવનમાં કેમ સમાવવી? તેનો જવાબ શોધવામાં ત્રણ મૂળભૂત બાબતો આપણને મદદ કરે છે,

- માણસની મૂળભૂત જરૂરિયાતો અને તેની ક્ષમતાઓ;
- ધ્રુવના તારાના સ્થાનની સમજ (true north – અચલ અને મૂળ સત્ય સાથે સંલગ્ન) સાથે જોડાયેલા સિદ્ધાંતો;
- માણસની સતત સારાં કામો કરતા રહેવાની સહજ ઈચ્છા.

**આપણે કેટલાક પ્રશ્નો પૂછીએ:**

શું તમારી આખા દિવસ દરમિયાન પૂરતી ઊર્જા અને શારીરિક ક્ષમતા જળવાઈ રહે છે?

શું તમે આર્થિક સલામતિ અનુભવો છો?

શું તમારા અન્ય લોકો સાથે સમૃદ્ધ અને સંતોષકારક સંબંધો છે?

શું તમે સતત નવું શીખો છો? વિકસો છો? નવા દૃષ્ટિકોણ મેળવો છો?

શું તમારી પાસે જીવનની દિશા વિષે સ્પષ્ટ સમજ છે? શું તમારી પાસે જીવનનો કોઈ હેતુ છે, જે તમને ઉત્સાહ પ્રેરે અને ઊર્જા પ્રદાન કરે?

જો આમાંની કોઈ એક જરૂરિયાત પણ પૂરી નહીં થતી હોય, તો એ 'બ્લેક હોલ'ની માફક તમારા જીવનમાંથી સઘળી ઊર્જા શોષી લેશે. જો આ ચાર જરૂરિયાતો સમતોલ અવસ્થામાં ન રહે અથવા તેમાંથી એક કે બે જરૂરિયાતો ભાગ્યે જ સંતોષાય તો સામાન્ય રીતે એવું થાય છે કે તેવા માણસોમાં વિવિધ પ્રકારનાં અવગુણો, લાક્ષાણિકતાઓ, વિચિત્ર સ્વભાવ કે માનસિકતાઓ જોવા મળવાની શક્યતાઓ વધી જાય છે. જેવાં કેઃ ક્રોધી, સ્વાર્થી, ચીડીયા, આક્રમક, અત્યાચારી, હતાશ, આળસુ, માનસિક સ્તરે નબળા, વિચાર કરવાની, પોતાની વાત સ્પષ્ટ રીતે કહેવાની અક્ષમતા, સ્વાભિમાનનો અભાવ, ડરપોક, વગેરે... આવી અસમતોલ જરૂરિયાતોની પરિસ્થિતિ એક સમાજ કે જાતિ સાથે લાંબો સમય - ચાર, પાંચ પેઢીઓ સુધી ચાલુ રહે તો પછી તે સમાજ કે જાતિનું એ સ્વાભાવિક લક્ષણ બની જાય. અને તે લક્ષણ એ પરિસ્થિતિમાંથી બહાર આવ્યા પછી પણ અમુક પેઢીઓ સુધી ચાલુ રહે. (અલબત્ત, કેટલાક અપવાદો નીકળે, જેવા કે, બાબાસાહેબ આંબેડકર, ભોજાભગત, મેઘનાદ સહા, વગેરે,)

માનવમાત્રની ચાર જરૂરિયાતોઃ શારીરિક, સામાજિક, માનસિક અને આધ્યાત્મિક, એ વાસ્તવિક છે, અને એકમેક સાથે જોડાયેલી છે. આ જરૂરિયાતોને આપણે જીવનના જુદાં જુદાં ખાનાંઓમાં જોઈએ છીએ. માનીએ છીએ કે તેને સમતોલ કરવી એટલે એકમાંથી બીજામાં ઝડપથી જવું. પણ આ ચારને એક સાથે જીવવી એ વિવિધ રસાયણોને એક ચોક્કસ માત્રામાં ભેગાં કરવાં જેવું છે. રસાયણશાસ્ત્ર મુજબ એવું થાય છે કે અમુક રસાયણોને ચોક્કસ માત્રામાં મેળવો તો વિસ્ફોટ થાય છે. બરાબર એમ

જ, જો આ ચારે જરૂરિયાતોને સમતોલ કરીને જીવીએ તો આંતરિક ઊર્જા જન્મે, તે અગ્નિ ઉત્પન્ન કરે અને આપણાં વિઝન, મિશન વિષે કામ કરવાનો અને કશુંક નવું સાહસ કરવાનો ઉત્સાહ જગાવે. તેને અંગ્રેજીમાં Fire in your belly કહે છે, જે તમને હરહંમેશ સ્ફૂર્તિ-જોમ આપે છે. આ વાત માનસશાસ્ત્રી અબ્રાહમ માસ્લોએ તેના પુસ્તકા 'Toward a Psychology of Being' અને 'he Farther Reaches of Human Nature'. માં કહી છે.

**તો મનનો વિકાસ કેવી રીતે કરવો?**

- સ્વ-જાગૃતિ કેળવવા માટે પોતાની ભૂલો ઓળખવી અને સુધારવી, માનસ-પરિક્ષણ કે માનસ-ઉપચાર પદ્ધતિ અપનાવવી.
- અંતરના અવાજ દ્વારા સદાચારના વિશ્વને સમજવું, નૈતિકતાના વિચારોને સમજવા. દરેકના અર્થ વિષે પ્રશ્નો કરવા અને સાચું-ખોટું નક્કી કરવું.
- સ્વતંત્ર ઈચ્છા દ્વારા તમારી સંકલ્પ શક્તિ વધારતા જવી..
- રચનાત્મક કલ્પનાશક્તિ દ્વારા તમારા મનની શક્તિને સમજવા તરફ ધ્યાન કેંદ્રિત કરવું અને હકારાત્મક વિચારો કરવા.

**આંતરમનને શિક્ષીત કેવી રીતે કરશો?**

- ડહાપણના પ્રાચિન ગ્રંથો (દા.ત. ઉપનિષદો, ગીતા) નું વાંચન કરીને અચળતા સાથેના મેળની સમજણને વિસ્તારો;
- અલગ ઊભા રહેતા શીખો. બધા કરે તેમ કરવું હંમેશા જરૂરી નથી અને જાત અનુભવોમાંથી શીખો. પરંપરાનું આંધળુ અનુકરણ બંધ કરો.
- અન્યોના અનુભવોને ધ્યાનપૂર્વક જુઓ;
- ધીરજ રાખો અને આંતરમનના અવાજને સાંભળવા પ્રયાસ કરો;
- આંતરમનના અવાજને પ્રતિભાવ આપો.

**સ્વતંત્ર ઈચ્છાને પોષણ કેવી રીતે આપશો?**

- વચનો આપો અને પાળો;
- તમે કરેલા વાયદાઓનું ઉલ્લંઘન ન કરો;
- ગજા બહારના વાયદાઓ ન કરો, અને વાયદા કરતા જરાકેય ઓછું ન આપો;
- તમારી વ્યક્તિગત એકરૂપતાને નકારાત્મક અસર થાય તેવા જોખમો ન લો;
- તમારી આસપાસની વાસ્તવિકતા વિષે ઊંડાણથી વિચારો.

**તમારી જાતને વ્યવસ્થિત કેવી રીતે કરશો?**

- તમે નક્કી કરેલી ભાવી દિશા (વિઝન) અને જીવનલક્ષ્ય (મિશન) ને તમારા જીવન સાથે જોડો.
- તમારા માટે સૌથી મહત્ત્વનું શું છે?
- કઈ બાબતો તમારા જીવનને અર્થ આપે છે?
- તમે શું બનવા માંગો છો અને શું કરવા માગો છો?

**તમારે ભજવવાના પાઠને ઓળખોઃ**

- તમે નક્કી કરેલા પાઠની સાથે જવાબદારી, સંબંધો અને તમારે જે પ્રદાન કરવાનું છે તેનો વિસ્તાર આપોઆપ આવી જાય છે;

**આ બાબત વ્યવસ્થિતતા અને સમતુલા આપશે.**

- આ બાબત ગુણવત્તાસભર જીવનમાં સંપૂર્ણતા આપશે;
- તમારી કુશળતા સતત વધારતા રહો.
  પહેલા ચોકઠાનાં (બીનતાકિદનાં પણ મહત્ત્વનાં કામો) લક્ષ્યો નક્કી કરો
- તમારા અંતરના અવાજને સાંભળો;
- 'તાકિદ'ને બદલે 'મહત્ત્વ' પર ધ્યાન કેંદ્રિત કરો;
- તમારે ભજવવાના દરેક પાઠની સૌથી મહત્ત્વની બાબતોને પસંદ કરો;
- દરરોજ એક કલાક તમારી કુશળતા વધારવા માટે આપો;
- દરેક પાઠનું એક લક્ષ્ય નક્કી કરો.
  - તમારા નક્કી કરેલાં લક્ષ્યોને ધ્યાનમાં રાખીને કર્મો કરો;
- વર્ષો, મહિના, અઠવાડિયા માટે લક્ષ્યો નક્કી કરો.

ક્રમશઃ

## ૦૭ હિંદના મુખારવિંદમાં શ્રી અરવિંદ

**પારસકુમાર**

---

એક પલ્લામાં વિશ્વનું સઘળું સાહિત્ય મૂકીએ અને બીજા પલ્લામાં શ્રી અરવિંદનું તત્વજ્ઞાન મૂકીએ તો શ્રી અરવિંદનું પલ્લું કદાચ નમી જાય.

શ્રી અરવિંદ એટલે હિંદ દેશની પ્રત્યેક બુંદમાં ઘૂઘવતી શક્યતાઓનું મુખારવિંદ. જે બ્રહ્મનું ચિંતન કરીને શક્યતાઓનું શિલ્પ કંડારે છે તે બ્રહ્મર્ષિ છે પણ જેને ક્ષણે ક્ષણે ઈશ્વરના ઈશારા કળાય છે તે દેવર્ષિ છે. વિનોબા શ્રી અરવિંદને બ્રહ્મર્ષિ ગણે છે. શ્રી અરવિંદ બ્રહ્મર્ષિ છે અને કવિવર ટાગોર દેવર્ષિ છે. બંગાળની ભૂમિ બ્રહ્મર્ષિ અને દેવર્ષિની જનની છે. બ્રહ્મર્ષિ અને દેવર્ષિની એકમેકમાં એકરંગ થવાની નાજુક ઘટનાને વિદ્વાન લોકો ‘હિંદનું મુખારવિંદ’ કહે છે.પ્રિય કિશનસિંહ ચાવડાએ શાંતિનિકેતનમાં જઈને કવિવરને પૂછેલું: ‘આપ શ્રી અરવિંદને મળવા ગયા ત્યારે પ્રફુલ્લ હતા,હસતા હતા.પરંતુ મળીને પાછા ફર્યા ત્યારે આપની આંખો આંસુ ભીની હતી.આ રહસ્યભેદ વર્ષોથી મારા અંતરમાં સમસ્યા બનીને બેઠો છે.’

ગુરુદેવે ઉત્તર આપેલો: ‘જ્યારે શ્રી અરવિંદને મળવા ગયો ત્યારે વર્ષોથી વિખૂટા પડેલા બંધુને મળવાના ઉત્સાહમાં મારું ચિત્ત હસતું હતું.આનંદ સમાતો નહોતો,જઈને બાથ ભરીને ભેટવા કેટલો ઉત્કંઠિત હતો તે હું જ જાણતો હતો.પણ ત્યાં પહોંચીને મેં જે જોયું તેનાથી હું ગંભીર બની ગયો. મારી સામે મારા બંધુને બદલે એક દિવ્ય જીવનવિભૂતિ બેઠી હતી. બાથ ભરવા ખુલ્લા થયેલા મારા બંને હાથ અંજલિ બનીને પ્રણમી રહ્યા. જે સહજ હતું તે જ થયું. એ જ કર્તવ્ય હતું. પાછો વળ્યો ત્યારે અહંકાર રડી ઊઠ્યો.માનવી રડી પડ્યો.પણ અંતરમાં બેઠેલો કવિ તો શાંત સ્મિતમાં સમાધિસ્થ હતો.’

ગુરુદેવનો કરુણાસભર ઉતર સાંભળીને અમાસના તારા અડગ રહી શકે ખરાં? કિશનસિંહ ચાવડા પણ ટાગોરને બંધુભાવે ભેટવા જ ગયેલા. પણ છૂટા પડ્યા ત્યારે કિશનસિંહ ચાવડાના બંને હાથ અંજલિ બનીને પ્રણમી રહ્યા હતા. હૃદયમાં રહેલો રહસ્યભેદ રડી પડ્યો.પછી કરુણાસભર આકાશમાં શાંત ચિતે જે ઝગમગી ઉઠ્યા તે અમાસના તારા.

શ્રી અરવિંદના પોંડીચેરી આશ્રમમાં એકાદ વર્ષ રહ્યા પછી કિશનસિંહ ચાવડા જિંદગીના છેલ્લા વીસ વર્ષ હિમાલયના ખોળામાં મીરતોલા આશ્રમમાં વિતાવે છે. થોડા સમય પહેલાં મીરતોલા આશ્રમ પાસેથી બે વખત પસાર થવાનું બન્યું પણ મીરતોલા આશ્રમ વિશે કે કિશનસિંહ ચાવડાના હિમાલય નિવાસ વિશે ત્યારે વધુ ખબર નહોતી. કિશનસિંહ ચાવડાનું અધ્યાત્મ શ્રી અરવિંદના કૂળનું અધ્યાત્મ છે.

કવિવર ટાગોર શ્રી અરવિંદને મળ્યા તે પૂર્વે બે વર્ષ પહેલાં શ્રી અરવિંદને કૃષ્ણાનુભૂતિ થયેલી.પણ શ્રી અરવિંદની અનુભૂતિમાં સર્વલોકમહેશ્વર કૃષ્ણની સ્થિતપ્રજ્ઞતા છે. કૃષ્ણાનુભૂતિ વખતે અરવિંદ રડતા નથી,પણ પહેલા કરતાં વધુ દિવ્ય બનીને ઊઘડતા જાય છે. શ્રી અરવિંદ કહે છે: આજે ૨૪ નવેમ્બર ૧૯૨૬ના દિવસે ભગવાન શ્રી કૃષ્ણનું ભૌતિક સ્વરૂપમાં અવતરણ થયું છે. શ્રી અરવિંદના સત-ચિતમાં ભગવાન શ્રી કૃષ્ણનું અવતરણ એટલે હિંદ દેશના તત્ત્વજ્ઞાનનું અવતરણ.

શ્રી અરવિંદ એટલે હિંદના તત્ત્વજ્ઞાનનું મુખારવિંદ. શક્યતાના શિલ્પીશ્રી અરવિંદમાં પગરવ કરતી વેળાએ ઘેરી વળેલો ઘૂઘવાટ સાંભળો: સન ૧૯૫૬ના ઓગસ્ટ મહિનામાં પેરિસમાં વિશ્વ સાહિત્ય અને ફિલસૂફી એમ બે ક્ષેત્રોની

ભેગી આંતરરાષ્ટ્રીય પરિષદ મળેલી.પરિષદના છેલ્લા દિવસે અધ્યક્ષ બર્ટ્રાંડ રસેલે કહ્યું: 'એક પલ્લામાં વિશ્વનું સઘળું સાહિત્ય મૂકીએ અને બીજા પલ્લામાં શ્રી અરવિંદનું સાહિત્ય અને તત્ત્વજ્ઞાન મૂકીએ તો શ્રી અરવિંદનું પલ્લું કદાચ નમી જાય.' શ્રી અરવિંદને મન નમવું એટલે જ ઊગવું. જ્યાં ઊઘડવાની આભા છે ત્યાં જ શ્રી અરવિંદની આરાધના છે.શ્રી અરવિંદનું આકાશ એટલે આપણી અસીમ શક્યતાઓનું આકાશ.શક્યતાનું ખેતર ખેડતી વેળાએ ધુમ્મસમાં હળ ચલાવવાનું ટાળવું પડે.શ્રી અરવિંદને મળવું એટલે હિંદના મુખારવિંદને મળવું.

સ્વરાજ એટલે શ્રી અરવિંદના અંતરની અખિલાઈ. મરમી સાધકો શ્રી અરવિંદના અવતરણ દિનને અંતરની અખિલાઈ ગણે છે. શ્રી અરવિંદના વિચારમાં આશ્ચર્યનું એવરેસ્ટ ઘૂઘવે છે. અરવિંદના અણસારાને પ્રાપ્ત કરવાની મથામણ એટલે જ જીવતરની થાપણ. આપણે ભગવાન શ્રી કૃષ્ણને જગદગુરુ ગણીએ છીએ અને શ્રી અરવિંદ કૃષ્ણને દિવ્ય ગુરુ ગણીને ગીતાને ઉત્ક્રાંતિના એરણ પર મૂકે છે. ઉત્ક્રાંતિની કૂખે કવિતા જન્માવે તેનું નામ શ્રી અરવિંદ. શ્રી અરવિંદ લખે છેઃ આપણે ભૂતકાળની ઉષાઓના નહીં,ભાવિની મધ્યાહનોનાં સંતાનો છીએ.ભૂતકાળ આપણે માટે પવિત્ર તો હોવો જોઈએ પણ ભવિષ્ય તો એના કરતા પણ વધારે પવિત્ર છે.

શ્રી અરવિંદ પોતાને ફિલસૂફ ગણાવવાને બદલે કવિ ગણાવે છે. શ્રી અરવિંદની કવિતા એટલે આપણી નિર્મળ શક્યતાઓની કવિતા.સાંભળો:પરમ શાંતિમાં પોઢી રહી છે પરમ શક્તિ! કુમાઉંની ઘેઘૂર પહાડીઓમાંથી ક્યારેક આપણને નગાધિરાજ હિમાલય નથી દેખાતો પણ હિમાલયને પ્રત્યેક પળે આપણી સૂક્ષ્મતા કળાતી જ હોય છે. શ્રી અરવિંદ આપણને સૂક્ષ્મતામાંથી જગાડવાનું કાર્ય કરે છે. અનુવાદ અરવિંદની કરુણા ગણાય. શ્રી અરવિંદે કેટલીક પ્રાર્થનાઓનો અનુવાદ પણ કરેલો. શ્રી અરવિંદને થયેલી અનુભૂતિનો અનુવાદ જ આપણને સૌને કરુણા સ્વરૂપે વાંચવા મળે છે. અરવિંદ આપણા અસ્તિત્વના સાર્થક્યને સુવાસિત કરનારા મહાત્મા હતા. શ્રી મા એ ક્યાંક કહેલું 'અમારા આશ્રમમાં કોઈ ધર્મ નથી માત્ર ઊગીને ઊડે ઊડવાનું આધ્યાત્મિક જીવન જ છે.' શ્રી અરવિંદ નૂતનધર્મની નહીં પણ નૂતન માનવતાનું નિર્માણ કરવામાં શ્રદ્ધા રાખનારા મહાત્મા હતા.

મો.૯૮૨૫૯૯૬૫૩૯

**ગાંધીજીએ લીધેલ ભોજનનું વ્રત**

૧૯૧૫માં હરદ્વારમાં કુંભ મેળામાં આશ્રમના સ્વયંસેવકોને સ્વચ્છતા જાળવવા મૂકયા હતા. એક દિવસ ગાંધીજી પણ આવે છે. બપોરે જમવા બેઠા ત્યાં જમવાની થાળીમાં લાડુ હતા એ જોઈ ગાંધીજીએ પૂછયું: 'રવજીભાઈ, આ લાડુ શામાંથી બનાવ્યા અને કોણે રસોઈ કરી છે?'

રવજીભાઈ: 'બાપુ, તમારા માટે મે જાતે સૂકામેવામાંથી બનાવ્યા છે.'

ગાંધીજી: 'રવજીભાઈ, લાડુમાં બીજું શું શું નાખ્યું છે?'

રવજીભાઈ: 'બાપુ, બદામ, ચારોળી, પિસ્તા, કાજુ, અખરોટને સાફ કરી એનો ભુક્કો કરી એમાં ખજૂર અને જેતુનનું તેલ નાખી તૈયાર કર્યા છે.'

ગાંધીજી: 'રવજીભાઈ, આપણા જેવા સેવકોને આવો ખર્ચ કેમ પાલવે? મારો આ એક સમયનો જમવાનો ખર્ચ એક રૂપિયાથી વધારે થયો હશે? આપણે તો ગરીબોની સેવા કરવા નીકળ્યા છીએ. આવો ખર્ચાળ ખોરાક આપણને પાલવે? '

રવજીભાઈ : ' બાપુ, હવે પછી શું ?'

ગાંધીજી: ' હું તો કેટલાય દિવસથી મારા મનમાં વિચારું છું કે જમવા વિશે મારે હવે વ્રત લેવું પડશે. આજે આ તીર્થસ્થાનમાં વ્રત લેવું જ જોઈએ.'

રવજીભાઈ : ' બાપુ, કેવું વ્રત ? '

ગાંધી: ' આજથી મારે ખાવામાં પાંચ ચીજો જ લેવાની અને રાત્રિ ભોજન કરવું નહીં.'

## ૦૮ ખિસકોલી

**વિશાલ જોષી**

---

ઓહો હો હો..

અરે ! અરે !અરે !આ શું થઈ રહ્યું છે ? આ અવાજો ક્યાંથી ...!?

કેમ આ સાગર આખો ઊચાળા ભરે??

ઓહ... આટલા વાનરો, રીંછ અને આખુંય જંગલ આ સાગર કાંઠે !?

આમ અચાનક ..લાવ તો જોઉં જરા...!

અરે આવડા મોટા પર્વતો અને પત્થરો આ વાનરો ખભે ઉંચકીને ....!? અને આ સમુદ્રદેવ તો જુઓ...!! આજે નક્કી કાંઠો તોડી બહાર આવશે...બાપ... રે

લે, જોઉં તો શું થઈ રહ્યુ છે આ બધું...? હેં શું કહ્યું!? સમુદ્ર પર સેતુ બંધાય છે...??

નલ અને નીલ નામના કોઈ વાનરો છે...જે આ બધું કરી રહ્યા છે...પણ શા માટે...!??

ઓહ,,, પ્રભુ રામનું કામ કરી રહ્યા છે...એમ!??

સીતામાતાને શોધવાનો આવો ભગીરથ યત્ન...

આવો મહાન પુરુષાર્થ...!? આવડો મોટો સમુદ્ર અને એને ઓળંગવાનો..!!?

અશક્ય..અસંભવ... લાગતુ કાર્ય... આખી સેના જાણે સાગર ને ઘમરોળી રહી છે... એ જુઓ પેલો વાનર કેવો મોટો પર્વત ખભે ઉંચકીને લાવ્યો.. એ એ એ....આહા...કેવો જળ પ્રપાત ઉછળ્યો...આખુંય વન જગત જાણે ઉમટી પડ્યું છે....આ બધાય કશુંય વિચાર્યા વગર કેવળ કામ મગ્ન.

અને હું ....!?

હું શું કરી શકું!?? હું..હું તો સાવ નાનો જીવ.આવડા મોટા સમુદ્ર સામે મારી શી વિસાત..!?

પણ મારેય કંઈક યોગદાન આપવું જોઈએ ..પ્રભુ રામના આ યજ્ઞ કાર્યમાં મારેય કઈક યત્ન આહુતિ આપવી જોઈએ. આ તો એક મહા મૂલ્યવાન યજ્ઞ થઈ રહ્યો છે. આ લોકઉપકાર યજ્ઞમાં જ્યારે કોઈ સૌ પોતાના ગજા પ્રમાણેની આહુતિ આપી રહ્યા હોય ત્યારે મારાથી નિષ્ક્રિય કેવી રીતે બેસી રહેવાય!? કેવળ તટસ્થ પ્રેક્ષક બની રહેવા કરતાં મારાથી તેમાં બનતો ફાળો આપવો જ જોઈએ. લાવ,હું ય કંઈક કામ કરું... જેટલું થાય એટલું કંઈક કરી છૂટું...ભલેને હું સમુદ્ર ને હંફાવી ન શકું...પણ મારા અંગથી તો થઈ શકે એટલું પુષ્પ ચઢાવું આ મહાપુરુષાર્થની આરાધનામાં...

જો એક નાની જ્યોત અંધકારને દૂર કરી શકે,

જો એક નાનું જળબિંદુ સિંધુ બની શકે,

જો એક તરણું પણ જીવ બચાવી શકે,

જો એક નાની પા પા પગલી આખો જીવન પ્રવાસ પૂર્ણ કરી શકે,

જો એક નામ આ પથ્થરને સમૂદ્ર ઉપર તરાવી શકે...

તો હું કેમ ન કરી શકું!? મારું જેટલું સામર્થ્ય એટલું મારું ય યોગદાન..

લાવ થોડો આ પત્થરને હડસેલીને સાગરમાં નાખી દઉં..ના નાં આ થોડો મોટો લાગે છે ..નહિ ધક્કો મરાય....તો...હવે ...શું કરું...!? લાવ ને હું જરા નાનો પત્થર શોધું...

ઓહ હો..!

આ નહિ થાય મારાથી...હે પ્રભુ! કંઈક વિચાર આપો..

મારા દેહને તમારા સત્કાર્યનું સાધન બનાવો..

પ્રભુ, કંઈક માર્ગ સુઝાડો.

અરે આ રેતી કેટલી ચોંટી જાય છે...આ સાગરના ઉછાળાથી...લાવ એને ખંખેરું...

અરે હા...

આ રેતી છે જ ને....! સમુદ્રમાં જ નાખી આવું... આહા મળી ગયો રસ્તો....મારી જાત પલાળીને આ રેતમાં આળોટવા લાગુ... રેત જેટલી ચોંટે એટલી સાગરમાં ઠાલવું...હા, બરાબર એ જ...બરાબર છે..લાવ હવે વધુ કશું નથી વિચારવું...જલ્દી પ્રયત્ન આરંભી દઉં...

ભલે હસે આ રીંછ અને વાનરો... ભલે હસે...હું મારા પ્રયાસો છોડીશ નહીં..

અરે પ્રભુ આપ...સાક્ષાત્...મારી સામે...!!!

હા, તમારી નજરમાં કશુંય છુપુ ન રહી શકે..

ધન્ય હું તમે મને હથેળીમાં ઊંચકી...સદાય હથેળીમાં રાખજો...આહા....

અરે આ શું.. તમારો હાથ ફર્યો ત્યાં જ આ કેટલા સુંદર મજાના પટ્ટા પડી ગયા..મારા અંગે...

હા, કાર્ય પાછળની ભાવના કાર્ય કરતાંય ચડે...

શું કહ્યું ...!? હવે અચૂક સીતામાતા મળી જ જશે એમ ...હા મારું સમગ્ર અસ્તિત્વ પણ આજે સાર્થક થયું...તમે તો મારી જાત રંગી દીધી... આપના વ્હાલ, હૂંફ અને વાત્સલ્યથી.

...............................

કર્તવ્ય પરાયણતા અને ક્ષમતા મુજબ, સામર્થ્ય મુજબ કોઈપણની સાથે સ્પર્ધા કે તુલના કર્યા વગર સત્કાર્યમાં સમર્પણ- સેવા અને ભાવ અર્પણ કરનાર એક ખિસકોલી સદાય આપણામાં ઉછળતી, કૂદતી રહે. જય સિયારામ !

**લોક ઉજાગર દાણાં**

વિશાલ જોષી 'સ્નેહ'

રામનામના ગાણાં
વસુંધરાએ મબલક ધર્યા લોક ઉજાગર દાણાં,
રામનામના ગાણાં.
ટેરવે ખીલ્યા શ્રમને એને ધીરજ સીંચ્યા જળ,
ચીવટ રાખી સંચિત કર્મે સુભગ મળ્યા છે ફળ.
હરખે હેત ઊભરાય એવા દોડી આવ્યા ટાણાં,
રામનામના ગાણાં.
કેળવણીની જ્યોત લઈને અજવાળા ઊગ્યા રૂડે,
કૃષિકારને ટાઢક આપવા અંધારા ખેડ્યાં ઊંડે.
આવળિયાટને આંગણ વહેંચો આજ ગોળને ધાણાં,
વસુંધરાએ મબલક ધર્યા લોક ઉજાગર દાણાં.
રામનામના ગાણાં.

(લોકભારતીની 'લોક-૭૯' ઘઉંની જાતને કેન્દ્ર સરકારે લીલી ઝંડી આપી એ નિમિત્તે સર્જાયેલી રચના)

મો.૯૪૨૬૯૨૦૨૫૧

## ૦૯ પુસ્તક પરિચય : 'બા મહાત્માનાં અર્ધાંગિની'

**હિરલ સવાઈ**

---

પૂર્વના એક વિચારકે કહ્યું છે : 'વટવૃક્ષ નીચે બીજું કશું ઊગી શકતું નથી.' વિરાટ વ્યક્તિત્વો માટે પણ આ કથન સાચું છે. મોહનદાસ કરમચંદ ગાંધીનું વ્યક્તિત્વ એવું વિરાટ હતું કે તેની નજીકનું બીજું કંઈ દેખાય નહીં. મારાં દાદી કસ્તૂરબા અને મારા પિતા મણિલાલ - આ બંનેએ મારા દાદા મહાત્મા ગાંધીના વિચારો અને વ્યક્તિત્વમાં પોતાને ઓગાળી દીધા હતા.'- અરુણ ગાંધી

આ પુસ્તક છેઃ 'બા મહાત્માનાં અર્ધાંગિની' લેખકઃ અરુણ ગાંધી, અનુવાદઃ સોનલ પરીખ. કસ્તૂરબા વિષે. ક્યાંક અંદરના ખૂણે ક્યારની કસ્તૂરબા વિષે જાણવાની ઈચ્છા હતી. એમનો ફોટો જોયેલો અને 'સત્યના પ્રયોગો' માં એમના વિષે વાંચેલું એથી વિશેષ કશું જ નહી, તો પણ એમ થાય કે ચોક્કસ આ બાઈ સામાન્ય તો નહીં જ હોય. અને નસીબજોગે આ પુસ્તક ભેટ મળ્યું. આ પુસ્તક મૂળ અંગ્રેજીમાં છે 'ધ ફરગોટન વુમન' અને લેખક છે અરુણ ગાંધી (ગાંધીજીના પૌત્ર). અનુવાદક સોનલ પરીખ છે અને આ પુસ્તકના અનુવાદ માટે એમને નેશનલ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવેલ છે.

અરુણ ગાંધી પ્રસ્તાવનામાં લખે છે કે, 'બા વિષે જાણવાનું બહુ મુશ્કેલ હતું. તેમણે પોતે કશું લખ્યું નથી અને તેમના જીવનના સંદર્ભો ખોવાઈ ગયા છે. પોરબંદરના પુરમાં તમામ દસ્તાવેજી પુરાવાઓ ધોવાઈ ગયા છે. બાપુએ પોતાના લખાણોમાં આપેલા સંદર્ભો સિવાય બા ના પરિવાર વિષે જાણવાનો કોઈ આધાર નથી. એટલે સંશોધનનો મુખ્ય સ્ત્રોત રહ્યો મૌખિક ઇતિહાસ. બાની સાથે થોડું પણ રહ્યા હોય એવા લોકોને અમે શોધતા રહેતા.'

બા - એમનું મૂળ નામ કસ્તૂરબા કાપડિયા. નાનકડી કસ્તૂરબા તેના બે ભાઈઓ - એક તેનાથી મોટો અને એક તેનાથી નાનો - સાથે લાડકોડથી ઉછરી. પિતા ગોકળદાસ અને માતા વ્રજકુંવરબા જેવા શ્રીમંત અને સંસ્કારી માતાપિતાની છાયામાં બે ભાઈઓની એક માત્ર બહેન કસ્તૂરબા પ્રેમપૂર્વક સચવાતી. કસ્તૂરબાના પિતા ગોકળદાસ પોરબંદરના અગ્રણી વેપારી હતા. કાપડિયા પરિવાર શ્રીમંત હતો પણ રહેણીકરણી સાદી. છોકરાઓને રમવા મોકળી જગ્યા ના મળે. એ જ ગલીમાં પાંચ-છ ઘર છોડી ગાંધી કુટુંબ રહે, તેમને ત્યાં મોટું ફળિયું. અને બંને પરિવારો વચ્ચે સારો સંબંધ હતો એટલે કદાચ બંને પરિવારના બાળકો સાથે રમ્યા હોય એવું બની શકે.

૧૮૭૬ની સાલ, મોહન અને કસ્તૂર ૭ વર્ષના હતા. તે વખતે બાળવિવાહની પ્રથા હતી. બંનેના માતાપિતા તેમનાં સંતાનો માટે યોગ્ય પાત્રની શોધ કરવા લાગ્યા હતા. મોહનદાસના પિતા કરમચંદ પોરબંદરના રાણાના દીવાન હતા. ગોકળદાસને કસ્તૂરબા માટે ગાંધી પરિવાર ગમી ગયેલો. ગાંધી કુટુંબને પણ આ સંબંધ માન્ય હતો. અને આમ સાત વર્ષની કસ્તૂરબાની સગાઈ મોહન સાથે થઈ, તેર વર્ષની વયે બંનેના લગ્ન થયા ત્યારે આ નાનકડી કસ્તૂરબાને ક્યાં ખબર હતી કે એનું જીવન કેટલું બદલાવાનું છે !

બા નિષ્ક્રિય ન હતા, આક્રમક પણ ન હતા. તેમને જે સાચું લાગતું, યોગ્ય લાગતું તેને મક્કમતાથી ટેકો આપતા. પતિની કોઈ વાત ગળે ન ઉતરે ત્યારે બા દલીલો ન કરતાં પણ શાંતિથી, મક્કમતાથી તેને યોગ્ય માર્ગે વાળતાં, સત્ય

તરફ પ્રેરતાં. ગુલામી કે અંધ અનુકરણ કદી બા ના સ્વભાવમાં ન હતું. કસ્તૂરબામાં દ્રઢતા અને પતિપરાયણતા એકસાથે જોવા મળતા. બાપુ જયારે જેલમાં હોય ત્યારે સાબરમતી આશ્રમની જવાબદારી, ચાલતી ચળવળોને આગળ વધારવી, બહેનોમાં જાગૃતતા લાવવાના કાર્યક્રમો - આ બધું બા સ્વેચ્છાએ જવાબદારીપૂર્વક સંભાળી લેતા. જયારે બાપુ જેલમાં હતા ત્યારે બાએ શરાબ વેચતી દુકાનો સામે પિકેટિંગ કરવાનું કામ ગામની બહેનોને સાથે લઈને ખૂબ જ નોંધપાત્ર રીતે કર્યું.

૧૨ ઓક્ટોબર, ૧૯૩૦ના પત્રમાં બાપુએ આનંદભેર લખ્યુંઃ 'બા તમે કમાલ કરી, સ્ત્રીઓમાં સહન કરવાની કુદરતી શક્તિ છે. આ શક્તિના જોરે તેઓ જયાં જાય ત્યાં વિજય મેળવે છે.' જેલમાંથી બાપુએ બા ને લખેલા પત્રોમાં એમનો બા પ્રત્યેનો પ્રેમ ચોખ્ખો દેખાય. જેલમાં પોતે રોજ કાંતે છે અને એ સુતરમાંથી બા માટે સાડી બનાવવા ઈચ્છે છે. ઉપવાસ પછી બાપુની તબિયત બગડે, એટલે બાપુ સંપૂર્ણપણે બા ના હવાલે. એવી જ રીતે બાની સેવા કરવામાં બાપુને અનેરો આનંદ. હોરેસ એલેક્ઝાન્ડરે લખેલુંઃ

'બા અને બાપુ એક ઘરમાં હોય, પાસે પાસેના ઓરડામાં હોય, કશું ખાસ એકમેક સાથે બોલે નહીં, પણ આપણને આખો વખત લાગ્યા કરે કે બંને એકમેકને ઊંડે ઊંડે ખૂબ સમજે છે.'

બા-બાપુ અભિન્ન છે એટલે એક રીતે આ બા-બાપુની સહિયારી જીવનકથા છે. જેમણે ગાંધીજીને વાંચ્યા હોય એમને બહુ નવું ના લાગે, આમ તો બધી જાણીતી વાતો. પણ એમાં કસ્તૂરબાનો ફાળો એ મારા માટે એકદમ નવી છે. જેમ જેમ પુસ્તક વાંચતા જઈએ એમ ખબર પડે કે બા અંધ અનુગામીની ના હતા, સમજદાર અને પ્રેમાળ જીવનસંગીની હતા. આ મહાપરિવર્તનમાં એમણે ચોક્કસ સક્રિયપણે બાપુને સાથ આપ્યો, પણ પરિવાર સાથે કે પોતાની જાત સાથે એમણે કેટલાય સમાધાનો કરવા પડયા હશે ! બા ખરેખર એમના જીવનમાં ખુશ હશે? બાપુની પત્ની બનવું સહેલું તો નહી જ હોય. એક કાઠિયાવાડી , સંસ્કારી પણ નિરક્ષર સામાન્ય સ્ત્રીમાંથી અસામાન્ય રાષ્ટ્રમાતા બનવામાં એમણે કેટલા બલિદાનો આપ્યા હશે? કેટલું છોડ્યું અને કેટલું અપનાવ્યું હશે? પોતાની જાતને પરિસ્થિતિઓમાં કેવી રીતે સજ્જ કરી હશે? એનો જવાબ કદાચ આ હોઈ શકે કે બાપુ પાસે મહાન ધ્યેય હતું, આદર્શો હતા, તેમની એક વિશાળ દ્રષ્ટિ હતી, વ્યક્તિને પરિવર્તિત કરવાની શક્તિ પણ હતી. તેના પરિણામે કસ્તૂરબા અને મણિલાલે અને બીજા અનેકે પોતાની વ્યકિતગત પ્રાપ્તિ વિષે વિચારવા કરતાં પોતાના જીવન બાપુને સમર્પિત કરવાનું વધુ પસંદ કર્યું હતું.

ગાંધીજીએ બા વિષે લખ્યું છે કે — 'બાનો ભારે ગુણ કેવળ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. એ કંઈ મારી ખેંચથી નહોતું બન્યું; પણ બામાં જ એ ગુણ સમય આવ્યે ખીલી નીકળ્યો. તેની ઈચ્છાશક્તિ ખૂબ મજબૂત હતી. નવપરણિત કાળમાં હું બાને હઠીલી ગણી કાઢતો, પણ આ મજબૂત ઈચ્છાશક્તિના લીધે તે અજાણમાંજ અહિંસક અસહકારની કાળમાં મારી ગુરુ બની. મારુ જાહેર જીવન ખીલતું ગયું તેમ બા ખીલતી ગઈ, અને પુખ્ત વિચારપૂર્વક મારામાં એટલે કે મારા કામમાં સમાતી ગઈ.' ખરેખર આ પુસ્તક વાંચ્યા પછી કસ્તૂરબા માટે માન વધી જાય છે. બા ની મક્કમતા અને કામની કોઠાસૂઝ કોઈને પણ સ્પર્શી જાય.

કસ્તૂરબા વિષે જાણવા જેવું તો ખરું, તો આ પુસ્તક ચોક્કસ વાંચી શકાય. મને આ પુસ્તક સોનલબહેન પરીખ તરફથી ભેટ મળ્યું એનો આનંદ તો વિશેષ. આ પુસ્તક નવજીવન ટ્રસ્ટ દ્વારા પબ્લિશ થયું છે અને કિંમત ૨૦૦/- રૂપિયા છે.

મો. ૯૧૬૪૭૨૮૫૬૪

## ૧૦ કથા આશા અને વિકાસનીઃ કેળવણીનો જીવંત અનુભવ

**બિંદુ-પાર્થેશ**

---

તંબુના ઘરે બે બે ચોમાસા કાઢી નાખ્યાં. હવે તંબુનું પોત ઘસાવા લાગ્યું હતું. એટલે રહેવા માટે કોઈ નવો પ્રયોગ કરવો પડશે એવું થયું. આશા અને વિકાસ બંને પોતાના ૩૫ માં જન્મદિવસ નિમિત્તે બહાર જમવા ગયા. ત્યાં સરસ મજાની વાંસની નાની નાની ઝૂંપડીઓ હતી. જમવાનું એક બાજુ મૂકીને વાંસની ઝૂંપડીઓ જોઈ. તેના કારીગરે પણ ત્યાં જ ધામા નાખેલા. એટલે તેને પણ મળ્યાં. તેની સાથે વાત કરીને કહ્યું કે તમે અમને વાંસમાંથી ઘર બનાવી આપો? શરૂમાં તો તેને હતું કે તેની કલા એ હોટેલ માટે કે પછી કોઈ જાહેર પ્રદર્શન સમયે કામમાં આવે તેમ છે. પણ જ્યારે દંપતીએ રહેવા માટે આવી ઝૂંપડી બનાવવા કહ્યું ત્યારે તેને સાનંદ આશ્ચર્ય થયું. ગામડે આવીને જગ્યા જોઈ. લગભગ બે માસ થયાં તેને નવું ઘર ઊભું કરતાં.

નવું ઘર થોડું વિશિષ્ટ હતું. તેમાં એક બેઠકખંડ હતો. રસોડું હવે ઊભું બની શક્યું. આ ઉપરાંત નાના એક રૂમમાં જાજરૂ અને બાથરૂમ પણ હતા. અને એક સૂવાનો અલાયદો ઓરડો પણ હતો. જ્યાં આથમતા સૂર્યનો તડકો આવે ત્યારે 'આસામ ગોલ્ડન બાંબુ'ને વધુ ગોલ્ડન કરી દે.

વાંસના ઘરમાં અને તંબુમાં એક સામ્યતા હતી. બંનેના દરવાજા ખુલ્લા જ રહેતા. અહીં પણ સુંદર મજાનું ઘર બનાવ્યાં પછી પણ ઘરનો દરવાજો વાસી શકાય એમ ન હતો. આશા અને વિકાસ જ્યારથી ગામમાં રહેવાં આવ્યાં ત્યારથી ગામને એક સંદેશ અજાણતા જ ગયો હતો કે આ ઘર હંમેશા ખુલ્લુ જ હોય! આ નવા ઘરમાં પણ આ શિરસ્તો ચાલુ રહ્યો! અને તે હવે આગામી દાયકાઓ સુધી ઓળખ બની રહેવાની હતી. વળી, તાળાં વગરનું ઘર એક વિશ્વાસનું પ્રતીક પણ હતું.

નવા ઘરને એક વર્ષ થયું હતું. બહાર આવેલી ચોકડીમાં આશા અને વિકાસ બંને વાસણ માંજવાનું કામ કરતાં હતા. શાળાનો મહામંત્રી અને બાળકોની બચત બેન્કનો મેનેજર મહિમ લીમડાં પર બાંધેલાં ટાયરનાં હીંચકાં પર ઝૂલી રહ્યો છે. શનિવારની સાંજનો સમય હતો. ત્યાં બાજુમાં જ રહેતા કેશુભાઈ અને તેની સાથે એક અજાણ્યાં માણસ આવ્યા છે. બંને થોડા ઉગ્ર અને વ્યગ્ર હતા. વિકાસે બંનેને બહાર ખાટલે બેસવા કહ્યું. ત્યાં સુધીમાં મહિમે ખાટલાં ઢાળી દીધાં. પાણી અપાયું. પછી વિકાસે પૂછ્યું કે શું મામલો છે?

વાત જાણે એમ હતી કે કેશુભાઈને ૫ વિઘાની લીંબુડીની વાડી. આ વાડી તેમણે ભાગમાં આપેલી. સાથે આવેલ ભાઈએ ભાગ રાખેલો. હજુ દિવાળી સુધીનો ભાગ હતો. પાંચ હજાર જેટલી રકમ પણ આપવાની બાકી હતી. પણ ઉનાળાના ગરમી અને પાણીની ખેંચ બંનેને કારણે ભાગ રાખનાર ભાઈનો અંદાજ ખોટો પડેલો. હવે તેને લાગતું હતું કે પોસાય એમ નથી. એટલે તેઓ ભાગ છોડવા માંગતા હતા. પણ કેશુભાઈનું કહેવું હતું કે તેને ભાગ રાખેલો છે એટલે ૫૦૦૦ રૂપિયા તો આપવા જ પડે. બંને જણ ઇચ્છતા હતા કે કોઈ વચલો રસ્તો નીકળે. બસ આ માટે તેઓને આશા અને વિકાસ પાસે આશા હતી.

વિકાસે બંનેને પૂછ્યું કે તમે શું ઈચ્છો છો. બંનેના જવાબ સ્પષ્ટ હતા. કેશુભાઈ ૫૦૦૦ રૂપિયા ઇચ્છતા હતા. અને પેલા ભાઈ કોઈપણ સંજોગોમાં ભાગ ચાલુ રાખવા માંગતા ન હતા. સીધી રીતે કોઈ તોડ દેખાતો ન હતો. અચાનક વિકાસે કહ્યું, 'કેશુભાઈ, અત્યારે આ ભાગ ક્યાં સુધીનો છે?'

કેશુભાઈ 'દિવાળી સુધી'

વિકાસે એક વિચાર કર્યો કે હજુ ૪ મહિનાનો સમય બાકી છે. તેણે વધુ ખાતરી કરવા માટે કેશુભાઈને ફરીથી પૂછ્યું, 'એટલે કે તમને ૫૦૦૦ રૂપિયા મળે એવું તમે ઈચ્છો છો અને તમે દિવાળી સુધી લીંબુની વાડીમાંથી લીંબુ નહીં લો!'

કેશુભાઈએ કહ્યું, 'મારે મારી વાડીમાં દિવાળી સુધી જવું જ નથી. મને ૫૦૦૦ મળે એટલે બસ.' જરા અવાજ ઊંચો કરીને કહ્યું.

હવે વિકાસે પેલા ભાઈ સાથે આ જ રીતે વાત કરી. તેણે પૂછ્યું, 'તમે ૫૦૦૦ રૂપિયા આપી શકો એમ નથી.'

'ના' પેલા ભાઈએ પોતાની અસમર્થતા કહી. વિકાસે વધુ ખાતરી કરતાં કહ્યું, 'તમે જો ૫૦૦૦ આપી શકો એમ નથી તો આ વાડી ક્યારે છોડી દો?

'અત્યારે જ' તેના અવાજમાં એક પ્રકારની નિરાશા સ્પષ્ટ દેખાતી હતી. ઓછી આશા કરતાં પણ મન ઉઠી ગયાની ભાવના વધુ હતી.

વિકાસે પાસે જ હિચકાં પર ઝૂલી રહેલાં મહિમને પૂછ્યું, 'આપણી બેંકમાં કેટલાં રૂપિયા છે?'

'અહે પોંચ કે સો હજાર' મહિમે કહ્યું.

વિકાસે પૂછ્યું કે 'બાળકોની બેંક આ વાડીનો ઈજારો ૪ મહિના માટે લઈ શકે?'

મહિમે બહુ વિચાર્યું તો નહીં. પણ નવું કામ કરવાની મજા આવશે એવા ભાવે કહ્યું, 'હોવે' સાવ જ અજાણતા અને કોઈ આયોજન વગર એક નવું કામ હાથમાં લઈ લીધું.

ત્યારે જ ૫૦૦૦ રૂપિયા અપાયા. પેલાભાઈ આભાર માનતી નજરે નીકળી ગયા. તે જ રાત્રે તેમણે વાડી ખાલી કરી. હવે આ વાડી ચાર મહિના માટે બાળકોની હતી. બીજા દિવસે સવારે નિશાળમાં આ સમગ્ર મુદ્દાની ચર્ચા થઈ. બાળકોમાં અનેરો ઉત્સાહ હતો. કૈંક નવું કરવા મળશે. શિક્ષકોએ પણ પરસ્પર મળીને કામનું આયોજન કર્યું. બપોર સુધી નિશાળમાં સાક્ષરી વિષયો ભણીશું અને ભણાવીશું. જ્યારે બપોર પછી વાડીમાં કામ કરીશું. ધોરણદીઠ કામનું આયોજન થયું. નાના બાળકો કેટલાં છોડ છે તે ગણશે. દરેક છોડ પર કાગળથી લખી એક નંબર આપશે. કેશુભાઈએ કહેલું કે ૧૬૦ છોડ છે. એટલે બાળકો એટલે સુધીની ગણતરી કરી શકશે. ઉપરાંત આખા ખેતરમાં એક હારમાં કેટલાં છોડ છે અને તેવી કેટલી હાર છે તે ગણવાનું નક્કી કર્યું. એક ચાર્ટ પેપર પર ધોરણ ૪ અને ૫ ના છોકરાઓ સમગ્ર વાડીનું ચિત્ર બનાવશે. બધાં ધોરણના છોકરાઓને ઝાડની સોંપણી થઈ. પાણી પાવું, ક્યારા ગોડવા, બધાં કામ નક્કી થયાં.

પહેલાં અઠવાડિયે જ ખ્યાલ આવ્યો કે ઝાડની સંખ્યા ૧૬૦ નહીં પણ ૨૫૯ છે ! કેટલાંક ઝાડ નાનાં હતા, જ્યારે કેટલાંક પુખ્ત હતા. ક્યારાને ગોડવાના કારણે ઝાડની જમીન ખુલ્લી થઈ. છેક મૂળ સુધી હવા પહોંચી. ઈશ્વરની કૃપા ગણો કે ગમે તેમ પછીના અઠવાડિયે વરસાદ પણ સારો વરસ્યો. ધીમે ધીમે લીંબુ મોટા થવાં લાગ્યાં. બાળકો એ લીંબુ ઉતારવાના વારાઓ ગોઠવ્યા. લીંબુ ઉતારીને ઘરે લાવવામાં આવે. ત્યાં પાણીથી ધોઈને સાફ કરવામાં આવે. રાત્રે લીંબુના કોથળાં ભરે. જે લીંબુ નાના હોય, વધુ પાણીના કારણે ફાટી ગયા હોય તેને જુદા કાઢવામાં આવે. આ રીતે લીંબુને ગ્રેડ પાડીને 'છ' ગ્રેડના લીંબુ અલગ રીતે બજારમાં મોકલવા. શરૂમાં તો દલાલ કોથળાંને ખોલીને જુએ કે લીંબુ બરાબર છે કે નહીં. પણ ધીમે ધીમે બાળકોએ સાખ જમાવી. હવે તો ખ્યાલ આવે કે 'નિશાળના લીંબુ' છે એટલે કોથળો ખોલવાનો જ નથી.

હવે તો એટલાં બધાં લીંબુ આવવા લાગ્યા કે ૨૦ કિલોનો ભાવ ૪૦ રૂપિયા સુધી ગગડી ગયો. હવે શું કરવું? બાળકોની બેઠક મળી. આશાને યાદ આવ્યું કે તેના બાપુએ તેને લીંબુનો સ્કવૉશ બનાવતા શીખવેલ છે. ફરીથી રીત તાજી કરી. અને બાળકો સાથે મળીને લીંબુનો રસ કાઢ્યો.

ખાંડ ઉમેરાય. અને સ્કવૉશ બનાવ્યો. તેની બોટલો ભરી. હવે કોણ ખરીદશે? આ પ્રશ્ન અગત્યનો હતો. ગાંધીનગર જઈને બાળકોએ સરકારી ઓફિસમાં બેઠા. લીંબુનો સ્કવૉશ વહેચાણો. હવે આ કામમાં બાળકો પહોંચી નહોતા શકતા. એટલે ગામના જ એક યુવાનને બાળકોએ થોડાં માસ માટે નોકરીએ રાખેલો! દિવાળી આવી. ઈજારો પૂરો થયો. હિસાબ કર્યો. બધો જ ખર્ચ કાઢતા ૧૩૫૦૦ રૂપિયાની ચોખ્ખી આવક થઈ. આ દિવાળીએ નક્કી કર્યું કે બાળકો પોતાની કમાણીમાંથી નવા કપડાં ખરીદશે. સુરત જઈ કાપડ ખરીદવામાં આવ્યા. કપડાં તો આવી ગયાં. પણ કયું કાપડ કોણ લેશે? નક્કી કર્યું કે બધાં જ કાપડ નિશાળના વર્ગખંડમાં ગોઠવવા. પછી દરેક બાળક તેના વાલીને લઈને આવશે. નાના બાળકથી શરૂ કરીને વારા ગોઠવાયાં. બાળક પોતાને ગમે તે કાપડ પસંદ કરે. વાલી માત્ર જુએ. કોઈ સૂચન નહીં કરવાનું. લગભગ બધાં જ બાળકોને પોતાની પસંદ મળી. કારણ સીધું હતું. નાના બાળકોની પસંદ જુદી હોય અને મોટા બાળકોની પસંદ જુદી હોય! વળી માં-બાપની પસંદને બદલેબાળકોએ બહુ જુદાં રંગના કાપડ પસંદ કર્યાં. દિવાળીના થોડાં દિવસ પહેલાં બધાં જ બાળકોના કપડાં સિવાયને આવી ગયા. લગભગ ધનતેરસની રાત્રે સૌ નવા કપડાં પહેરીને નિશાળે આવ્યાં. નિશાળે તે દિવસે દીપોત્સવ ઉજવ્યો. થોડાં ફટાકડાં ફોડ્યા. બાળકોએ પોતાના અનુભવો કહ્યાં. કેટલાંક શુભેચ્છકો પણ આશીર્વાદ આપવા આવ્યાં.

આ સમગ્ર પ્રક્રિયામાં શું શીખ્યાં? ધોરણ-૧ થી શરૂ કરીને ધોરણ ૭ સુધીના બાળકો ગણિતના જુદા જુદા પાઠ શીખ્યા. સરવાળો, બાદબાકી, નફો, ખોટ, વજન, બજારભાવ, ખરાજાત વગેરે અનેક એકમોનું પ્રત્યક્ષીકરણ થયું. ભાષા શિક્ષણના ભાગ રૂપે બાળકોએ નિબંધ લખ્યાં. વિજ્ઞાન શિક્ષણના ભાગ રૂપે બાગાયત, વનસ્પતિમાં ફળની રચના વગરે અનેક મુદ્દાઓ પણ શીખ્યાં. અને સૌથી મહત્ત્વની બાબત કે બાળકો નીતિમત્તા પણ શીખ્યાં.

નવું વર્ષ નવા વિચારો લઈને આવ્યું. બાળકોએ શિયાળાંમાં નિશાળ સામે એક વિઘો જમીન ભાડે રાખી. તેમાં ઘઉં, શાકભાજી ઉગાડયાં. પરંતુ આ જરા જુદી પ્રકારનું કામ હતું. શિયાળાની કડકડતી ઠંડીમાં રાત્રે પાણી આવે તો ત્યારે પાણી વાળવું અઘરું પડે. અલબત્ત આ કામ માટે જમીન માલિક ૪ માસ સુધી સાથે રહ્યાં. બાળકો નિશાળમાં જ રહે. સૌ બાળકો રાત્રે વારાફરતી ખેતરનું રખોપું કરે. એક એક કલાકના વારા. જો કે આશા અને વિકાસ તો ખેતરમાં ખાટલો નાખીને રહે. આમ બાગાયત પાક અને ઋતુ પ્રમાણેના પાકો બંનેનો અનુભવ બાળકોએ કર્યો.

વર્ષના અંતે વૈશાખ મહિનામાં એ જ ઝૂલા પર આશા અને વિકાસ હંમેશની જેમ જ હિચકતા હતા. કેશુભાઈ અને તેના ભાગિયાના કારણે સાવ અચાનક અને બિલકુલ આયોજન વગર એક નવા જ સાહસમાં પડવાનો અનુભવ એક સંતોષનો ઓડકાર આપતો હતો. જો કે આ સંતોષ એક અલ્પવિરામ બની રહેવાનું હતું. કારણ કે ભવિષ્યના કામો જાણે લીમડે ચડીને બોલાવતા હતા.

મો. ૯૪૨૮૦૦૦૫૪૧

**પત્રકારને ટાગોરનો જવાબ**

કવિવર ટાગોર પરદેશ ગયેલા ત્યાં એક પત્રકારે ગુરુદેવને સવાલ કર્યોઃ

'તમારે ભારતમાં ગાંધીજીનું ખૂબ માન છે શા માટે ?'

કવિઃ ' હા અમારે ત્યાં ગાંધીજીનું ખૂબ માન છે કારણ કે જંગલમાં જવાનું થાય અને જો વાઘ નજરે પડે તો મારાથી ભયના માર્યા 'ઓ' બોલાય જાય જ, પરંતુ ગાંધીજીને એવું નહીં થાય.'

## ૧૧ નૂતનવર્ષ..નિમિત્તે...હું શપથ લઉં છું કે...!!!

**રવજી ગાબાણી**

---

તહેવારો આપણને નવી ઊર્જા આપે છે. આપણાં જીવરસને એ પોષે છે. એ આપણાં માટે એકધારા જીવનની કંટાળજનક સ્થિતિને ખંખેરી આપતો વિસામો બને છે. એથી જ ભારતીય સંસ્કૃતિમાં તહેવારો અને ઉત્સવોનું વિશેષ મહત્ત્વ રહેલું છે.

દિવાળી હિંદુ સંસ્કૃતિનો સૌથી મોટો ઉત્સવ છે. અત્યારે દિવાળીના તહેવારના પવિત્ર દિવસો ચાલી રહ્યાં છે. દિવાળી પછી તરત જ બેસતું વર્ષ અને ભાઈબીજનો તહેવાર આવશે. એ સાથે જ વિક્રમ સંવતના નવા વર્ષની શરૂઆત થશે. આ નવા વર્ષ માટે આપણે કેટલાંક એવા સંકલ્પો કરવા જોઈએ, જે વ્યક્તિગત રીતે આપણને તો ફાયદામાં રહે જ, સાથે અન્ય માટે પણ પ્રેરક અને ઉપકારક બની રહે. આપણે બધાં નાનામોટાં સંકલ્પો લઈએ તો સરવાળે રાષ્ટ્ર અને સમગ્ર જીવસૃષ્ટિ પણ ફાયદામાં રહે.

આવો, આજે આપણે કેટલાંક સંકલ્પો લઈ નવા વર્ષને વધાવીએ.

**● વ્યક્તિગત સંકલ્પો**

સૌથી અગત્યનો અને સૌથી પહેલો સંકલ્પ છે વ્યક્તિગત સંકલ્પ. સંકલ્પની શરૂઆત આપણે પોતાનાથી જ કરવી જોઈએ.આપણે કોઈને કશું કહીએ, એ પહેલાં આપણે એને આચરણમાં મૂકવું જોઈએ. ગાંધીજી આમ કરતા હતા. તેઓ પોતે સંકલ્પને ખુદના આચરણમાં મૂકી પ્રજા માટે ઉદાહરણ પૂરું પાડતાં હતાં. એટલે જ એમની વાતોનો સમગ્ર દેશ ઉપર વિશેષ પ્રભાવ પડતો હતો.

વ્યક્તિગત સંકલ્પમાં સૌથી પહેલી વાત વ્યસન અંગેના સંકલ્પની. વ્યસન વ્યક્તિનો વિનાશ કરે છે છતાં વ્યક્તિ વ્યસનને છોડતો નથી. પછી વ્યસન જ વ્યક્તિને નથી છોડતું. સરવાળે વાર્તા પૂરી થાય છે. માટે જ નવા વર્ષ નિમિત્તે સૌ વ્યક્તિગત સંકલ્પ લઈએ કે, હું વ્યસનથી દૂર રહીશ. સાથે મારા મિત્રો, સ્નેહીજનો કે સગાસંબંધીઓ પૈકી દસ જણને આ વર્ષે વ્યસમુક્ત કરાવીશ એવો સંકલ્પ લઈએ. સૌરાષ્ટ્રમાં એવા અસંખ્ય લોકો છે, જેમના પિતાને પાન, માવો કે તમાકુ ખાવાથી કેન્સર થયું હોય અને અવસાન થયું હોય. તેમ છતાં એમના દીકરા ગુટકા કે તમાકુનું સેવન કરે છે. શરૂઆતની નાની ટેવ સમય જતા મોટાં વ્યસનમાં પરિણમતી હોય છે.માટે જ નવા વર્ષનો પહેલો સંકલ્પ વ્યસમુક્તિ અંગે લઈ, ઊઝડતા ઘરને બચાવવા અડગ થવું જોઈએ.

બીજો સંકલ્પ એ કે હું વાણી, વર્તન, વ્યવહારથી અન્યને હાનિ ન પહોંચે એની વિશેષ કાળજી રાખીશ. સૌ પ્રત્યે આદર અને સન્માનની ભાવના રાખીશ. સોશિયલ મીડિયાના માધ્યમથી પણ કોઈની લાગણી આહત ન થાય એનું ધ્યાન રાખીશ. અસત્ય વાતોથી વેગળો રહીશ. અફવાઓને ઉત્તેજન  નહીં આપું. સૌની ભાવનાઓનું સન્માન કરીશ.

આપણો વધું એક સંકલ્પ સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણી અંગેનો હોવો જોઈએ. દરેક વ્યક્તિ લઈ શકે એવો આ સાવ સરળ સંકલ્પ છે. પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળવો, કચરો ગમે ત્યાં ફેંકવો નહીં. નદી, સરોવર અને સમુદ્રજળ કે એનાં કિનારાને દૂષિત ન કરવા જેવા નાના નાના સંકલ્પો લઈ આપણે બહુ મોટું પ્રદાન આપી શકીએ છીએ.

પ્રતિવર્ષે જન્મદિવસે ઓછામાં ઓછાં પાંચ વૃક્ષો વાવવા તથા મિત્રોને વૃક્ષો વાવવા માટે ભેટમાં આપવા. આમ કરીશું તો પર્યાવરણ ક્ષેત્રે બહુ મોટું કામ કરી શકાશે. મૃતકની યાદમાં પણ આપણે વૃક્ષો વાવી શકીએ છીએ.

નવા વર્ષે આપણે દરેકે વ્યક્તિગત રીતે જાહેર મિલકતની જાળવણી કરવાનો સંકલ્પ પણ લેવો જોઈએ. આખરે આ મિલકત આપણાં પરસેવાની કમાણીમાંથી જ બનેલી હોય છે. જાહેર મિલકત રાષ્ટ્રની સંપતિ છે. આપણે એની જાળવણી કરવા સંકલ્પબધ્ધ થવું જોઈએ.

**● સામાજિક સંકલ્પ**

સામાજિક સંકલ્પ એક રીતે વ્યક્તિગત સંકલ્પનું જ સ્વરૂપ છે. આ પ્રકારના સંકલ્પો વ્યક્તિની સાથે સમાજને પણ લાભરૂપ થતાં હોય છે.આવા સંકલ્પમાં પરિવાર પ્રત્યેનું કર્તવ્યપાલન નિષ્ઠાપૂર્વક બજાવવાનો સંકલ્પ મુખ્ય ગણી શકાય. ઘણીવાર એવું પણ બને છે કે આપણે લાખોનું દાન કરીએ છીએ,પણ આપણાં ભાઈબહેન, સગા કે નજીકના સંબંધીને આપણે,રોજગારલક્ષી કરી શકાય એવો સપોર્ટ નથી કરતા.એમને આગળ લાવવા માટે આપણે કશી જ મદદ નથી કરતા.પરિવારને મદદ, પછી જ દાન..જેવી વાતને આપણે મહત્ત્વ આપવું જોઈએ.જેથી પરિવારનો વિકાસ યોગ્ય રીતે થાય.

આજકાલ માતાપિતા વૃદ્ધ થતાં ઘણાં સંતાનો એમને તરછોડી દે છે. અસંખ્ય લોકો માતાપિતાને ઘરડાઘરમાં મૂકી આવે છે. આવા વૃદ્ધ કે અશક્ત લોકોને ઘરડાઘર અવશ્ય સાચવી લે છે, પણ આવા ઘરડાઘર સભ્યસમાજના માથે કાળા ડાઘ સમાન છે એ આપણે ન ભૂલવું જોઈએ. વડીલોને સન્માનપૂર્વક સાચવવાનો સંકલ્પ આપણે નવા વર્ષે લેવો જ રહ્યો.

નવા વર્ષે સમાજમાં વ્યાપ્ત કુરિવાજો દૂર કરવા આગળ આવવું પડશે. દહેજની પ્રથા, સ્ત્રી ઉત્પીડન જેવી બાબતોથી પોતે તો દૂર રહેવાનું જ છે, પણ અન્યોનેય દૂર રાખવા પ્રયત્ન કરવાનો છે.

આપણે જે સમાજમાંથી આવતા હોઈએ, એ સમાજનું ગૌરવ તો આપણે અવશ્ય કરવાનું છે, પણ સાથે અન્ય સમાજ પ્રત્યે પણ સમભાવ રાખવા સંકલ્પ લેવાનો છે. સામાજિક સમરસતા જાળવવા કટિબદ્ધ થવાનું છે. સમાજને શિક્ષણ અભિમુખ બનાવવા પ્રયત્ન કરવાનો છે. સારાં પુસ્તકોનું વાચન કરવા અને જીવનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવવા આપણે સૌને પ્રેરિત કરવાનો સંકલ્પ લેવાનો છે. વહેમ, અંધશ્રદ્ધા અને ગેરમાન્યતાઓને તિલાંજલિ આપવાની છે.

**● રાષ્ટ્રીય સંકલ્પ**

આપણો સૌથી પહેલો ધર્મ એ હોય કે,રાષ્ટ્ર પ્રત્યેની નાગરિક ફરજો આપણે પૂર્ણ નિષ્ઠાથી અદા કરીએ... કારણ કે દેશ અને દેશહિત જે પ્રજા માટે સર્વોપરી હશે, એ જ પ્રજા પોતાની અસ્મિતા અને અસ્તિત્વ ટકાવી ધાર્યો વિકાસ કરી શકશે. આપણો દેશપ્રેમ સ્મશાન વૈરાગ્ય જેવો હરગીજ ન હોવો જોઈએ. રાષ્ટ્ર આપણાં માટે શું કરશે એમ નહીં, રાષ્ટ્ર માટે આપણે શું કર્યું અને શું કરીશું... એ અતિ મહત્ત્વનું છે.

‘હું શપથ લઉં છું કે,રાષ્ટ્રપુરુષોએ દેશ માટે જોયેલાં સપના ચરિતાર્થ કરવા માટે, હું જે ક્ષેત્રમાં કામ કરું છું, એમાં મારું સો ટકા યોગદાન આપીશ. હું દેશ સામે પડેલા વિઘાતક પરિબળો સામે લડીશ. હું હુલ્લડો, ટોળાશાહી અને અફવાઓ તથા દેશ વિરૂદ્ધની ઉશ્કેરણીઓને સાથ નહીં આપું. હું અતીતનું ખાલી ગૌરવ કરવાને બદલે એનાં વારસાને જાળવવાનું કામ કરીશ.’ જેવાં સંકલ્પો લઈ આપણે રાષ્ટ્રને બળવાન બનાવવા પ્રતિબદ્ધ બનવું પડશે.

આપણો રાષ્ટ્રપ્રેમ સ્મશાન વૈરાગ્ય જેવો નહીં, અમર જ્યોતિ જેવો હોવો જોઈએ. રાષ્ટ્રપ્રેમ અવિરત, અસ્ખલિત હોવો જોઈએ. રાષ્ટ્રપ્રેમની વાતે દેખાડો કોઈકાળે ન હોવો જોઈએ.રાષ્ટ્ર એક રીતે જીવંત વ્યક્તિત્વ જ હોય છે.એની દરકાર આપણે દરેક નાગરિકે યોગ્ય રીતે કરવી જોઈએ.જો આમ ન થાય તો રાષ્ટ્ર નબળું પડી શકે છે. માટે નવા વર્ષે આપણે રાષ્ટ્ર માટે જીવવાનો સંકલ્પ લેવો જોઈએ.

અંતમાં સૌથી અગત્યની વાત એ કે, ઉપર મુજબના સંકલ્પો લીધાં પછી, આપણે એને અમલમાં મૂકવાનો સંકલ્પ લેવાનો છે.

મો. ૯૮૯૮૪૪૧૩૭૫

## ૧૨ આધુનિક શિક્ષણમાં ઇન્ટરનેટ અને આઇ.સી.ટી.નો વિનિયોગ : ચિંતા અને ચિંતન

**સંજય આર. તલસાણિયા**

---

આધુનિક શિક્ષણ ઇન્ટરનેટ અને આઇ.સી.ટી.થી પ્રભાવિત થઈ રહ્યું છે. એટલું જ નહીં, સામાન્ય માનવીને પણ તેનું ઘેલું લાગ્યું છે, તેથી માનવ અને ખાસ શિક્ષણ પર વિપરીત અસર થઈ હોય એવું જણાય છે. આ સમસ્યા વિશે આજથી સચેત નહીં બનીએ તો તેની માઠી અસર ભણતા વિદ્યાર્થીઓ અને શિક્ષણ જગત ઉપર પડશે એમાં શંકાને સ્થાન નથી. બેશક, ઇન્ટરનેટ અને આઇ.સી.ટી.દ્વારા શિક્ષણમાં વિદ્યાર્થીઓને પોતાના સ્થળે, પોતાના સમયે, પોતાની ગતિએ, સ્વ-નિયંત્રિત શિક્ષણ મેળવી શકે છે.

- ચેટ- દ્વારા બે કે વધુ વ્યક્તિઓ વચ્ચે લેખિત માહિતી, પરસ્પર આપ-લે કરી શકે છે,
- વાઈટ બોર્ડ - દ્વારા આકૃતિ આલેખ, ડાયેગ્રામ, સ્લાઇડ, વિડીયો વગેરે પૂરક સાધન તરીકે ઉપયોગ કરતો થયો છે. આ ઉપરાંત દૂર સુ-દૂર વિશેષ નિષ્ણાંતોના જ્ઞાનનો લાભ પણ લઈ શકે છે.
- youtube - દ્વારા પ્રસિદ્ધિ અને મનપસંદ શિક્ષણ લેક્ચર સાંભળી - જોઈ શકાય છે અને તેની વિદ્વતાનો લાભ મળી શકે છે.
- વર્લ્ડ વાઈડ વેબ - (www.) એ વિશ્વની અનેક વેબસાઈટ ધરાવતું નેટવર્કનો ઉપયોગ સરળ બન્યો છે
- સ્માટ બોર્ડ દ્વારા- શાબ્દિક, ચિત્રાત્મક, દ્રશ્ય શ્રાવ્ય અને રંગીન સ્વરૂપે માહિતી મેળવી જીજ્ઞાશા સાથે રસપ્રદ શિક્ષણ મેળવતો થયો છે.
- ઈ-મેઇલ દ્વારા- ખૂબ ઝડપથી સંદેશાની આપ-લે કરતો થયો છે, વિદ્યાર્થી - શિક્ષક- નિષ્ણાંતોનો સૌ સંપર્ક કરી ઈમેલથી શિક્ષણનો લાભ મેળવતો પણ થયો છે.
- આભાસી વર્ગખંડ (વર્ચ્યુઅલ ક્લાસરૂમ) દ્વારા - સ્થળ, કાળ, સમયના સીમાડાઓ વટાવી રહ્યો છે. આ બધાના ઉપયોગ થકી પ્રશ્નપત્ર મેળવવા, ઉત્તરો મેળવવા, સ્પર્ધાત્મક પરીક્ષાઓના ફોર્મ ભરવા, શૈક્ષણિક સાહિત્ય અને ઇ- કન્ટેનનું આદાન-પ્રદાન કરવું , જૂથ ચર્ચા, પરીક્ષા આપવી, મૂલ્યાંકન કરવું ,માર્ગદર્શન ખૂબ સરળ, સહજ અને ઝડપી થઈ રહ્યું છે. દેખીતી રીતે જ્ઞાનનો અસધારણ વિસ્ફોટ થઈ રહ્યો છે. તેથી તો આંતરરાષ્ટ્રીય યુનેસ્કો અહેવાલ 'learning :the treasure with in' જ્ઞાનના વિસ્ફોટ અને તેને એકત્ર કરવાની મર્યાદા અને તણાવ (tension) સાથે સરખાવે છે . જાણીતા ચિંતક ગુણવંત શાહ નોંધે છે કે 'માહિતી રૂપી રાખના ઢગલામાંથી જ્ઞાનના અંગારા થોડા જ હાથ લાગે છે અને તે અંગારા પણ ડહાપણના અભાવને લીધે આપણને કોઈકવાર દઝાડે છે.'

આમ આઇ.સી.ટી. અને ઇન્ટરનેટ એક સાધન છે પણ તેનાથી સાધ્ય દૂષિત થયું હોય એવું થોડા-ઘણા અંશે જણાય છે અને તે કઈ રીતે પ્રભાવિત થયું છે, શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થીઓમા કઈ -કઈ જગ્યાએ અસર ઊભી થઈ છે તેને પણ જરા સમજીએ.

- પુસ્તકનું વાંચન ઘટી રહ્યું છે.તેથી મૌખિક-લેખિત અભિવ્યક્તિ પર માઠી અસર થઈ હોય એવું

જણાય છે.

- શિક્ષક-શિક્ષક વચ્ચેની વિષય ચર્ચાઓ ઘટી રહી છે.
- શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચે પારસ્પરિકતાનો ગ્રાફ નીચો જઈ રહ્યો છે.
- વિચારવાની શક્તિમાં પણ ઘણા અંશે સ્થિરતા આવી ગઈ છે.
- સર્જનાત્મકતા ઘટી રહી છે, અંદાજ લગાવવું કે અટકળ કરવામાં કંઈક ખામી ઊભી થઈ છે.
- સમસ્યાનું સમાધાન શોધવાની રીત બદલાઈ રહી છે.
- માનવ સંબંધો વચ્ચે ખાઇ વધી રહી છે, સદભાવ-પ્રેમ ઘટી રહ્યા છે.
- પર્યાવરણ જતન-સંવર્ધનની વાત ક્રમશઃ ઘટી રહી છે.
- ઈશ્વર પ્રત્યે આસ્થામાં ઘટાડો નોંધાઈ રહ્યો છે.
- શારીરિક ક્ષમતાઓમાં ઘટાડો, માનસિક શક્તિઓમાં ઉણપ વરતાઈ રહી છે.
- દ્રઢ સંકલ્પ શક્તિનો આંક નીચો જઈ રહ્યો છે.
- સમયનો ખૂબ ધ્વંશ થઈ રહ્યો છે.
- ધ્યાન-એકાગ્રતામાં અડચણ ઊભી થઈ રહી છે.
- શોર્ટ મેમરી બિલકુલ ખતમ થઈ રહી છે અને લોંગ મેમરી પર પણ તેની અસર થઈ હોય એવું જણાય છે.
- લઘુતા-ગ્રંથિમાં વધારો જણાય છે.
- ભાષા ભંડોળ ઘટ્યું છે , અલબત્ત હિન્દી અને અંગ્રેજીમાં સુધારો દેખાય છે.
- આળસનું પ્રમાણ થોડું વધ્યું છે.
- ઉદ્દેશહીન , અર્થહીન મોબાઈલનું ઘેલું લાગી ગયુ છે.
- નકારાત્મક વિચારોનું પ્રમાણ વધ્યું છે.
- માનવીય સંબંધોમાં ખાઈ વધી રહી છે.
- મૈત્રી ,પરસ્પર પારિવારિક સંબંધોમાં છેદ ઉડી રહ્યો છે.
- ખોટા વાદ-વિવાદ, પ્રશંસા અને દેખાડો કરવાની વૃત્તિ વધી રહી છે.
- આવી પડેલી વિપરીત પરિસ્થિતિમાં સમસ્યા સમાધાન માટે મૂંઝવણ અનુભવી રહ્યા છીએ.
- નિરાશા મળતા વધુ પડતી હતાશા વ્યાપી રહી છે.
- કોઈ કાર્ય માટેની તત્પરતા સામે આળસ અને પ્રમાણ વધ્યા છે.
- નવું શીખવાની ધગશને બદલે બિનજરૂરી વિડિયો અને ઈમેજ જોવા પ્રવૃત્ત થયા છીએ.
- પહેલ કરવાની વૃત્તિમાં ક્રમશઃ ઘટાડો જોવા મળે છે.
- ખુદની ભૂલો નજર અંદાજ કરીએ છીએ.
- આપણી ખુશી બીજાના લાઈકની ગુલામી બની રહી છે .
- બીજાની લાઈક માટે મન ઉદ્વિગ્ન રહે છે તેથી નવું સૂઝતું નથી .
- ખોટી પ્રતિષ્ઠા- માન- પ્રતિષ્ઠા માટેની ઝંખના વધી રહી છે.
- મોબાઈલમાં પ્રદર્શિત થતા ફિલ્મો, હિંસક રમતોએ માણસને ઘાતકી બનાવી દીધો છે.
- સ્ફૂર્તિ ,ચંચળતા ,ચપળતામાં ઘટાડો થઈ રહ્યો છે, ધીરજ ખોટી રહી છે.
- નિર્ણય શક્તિમાં ઘટાડો જણાઈ રહ્યો છે.
- ચારિત્રિકહનન પણ થયું રહ્યું છે, સદભાવ અને ઉદારતા ઘટ્યા છે.
- હકારાત્મક અભિગમમાં કંઈક અંશે કમી આવી રહી છે.

- બહારની ચકાચોંધવાળી દુનિયાને નિહાળી મનનો સંતોષ ગુમાવી બેઠા છીએ.
- શરમ ઘટી રહી છે.
- પરિવાર, સમાજ અને રાષ્ટ્ર લેવલે થઈ રહેલી આ હાની ખરેખર ચિંતાનો વિષય બન્યું છે.
- અનિંદ્રા તેમજ નિસ્તેજપણુ વધી રહ્યું છે.
- ભૂલવાની પ્રક્રિયા વધી રહી છે.
- તટસ્થતા અને પ્રતિબધ્ધતા ઘટી રહી છે.
- ત્વરિત નિર્ણય શક્તિમાં ઘટાડો જોવા મળે છે.
- કામ પ્રત્યે પલાયનવૃતિનું પ્રમાણ પણ વધ્યુ છે.
- સ્વભાવ ઉત્તેજિત અને ઝડપી બની રહ્યો છે, સમજ શક્તિ ઘટી રહી છે.
- એકાગ્રતા ઘટી રહી છે, બીજાની ખોટી સરાહનાનું પ્રમાણ વધી રહ્યું છે.
- વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની શ્રધ્ધા ઘટી છે.
- મગજ શંકાશીલ અને જડ બની રહ્યુ છે.

આ બધી માનસિક પરિસ્થિતિમાંથી જો શિક્ષક અને વિદ્યાર્થીઓ બહાર નહીં આવે તો સૌથી માઠી અસર તેના વ્યક્તિત્વ અને ચારિત્ર ઉપર થાય જે કોઈપણ સમાજ અને રાષ્ટ્ર માટે ખતરા રુપ ગણી શકાય, માટે કોમ્પ્યૂટર,ઈન્ટનેટ તેમજ મોબાઈલ વગેરેનો ઉપયોગ મર્યાદિત અથવા વિવેકપૂર્ણ કરવામાં જ પ્રત્યેક વિદ્યાર્થી તેમજ શિક્ષિત વ્યક્તિની નૈતિક ફરજ છે. આ અંગે જો જાગ્યા ત્યારથી સવાર સમજી નહીં વિચારીએ, તો ભાવિ યુવામાનસ પર તેની વિપરીત અસર થઈ શકે છે જેમાં શંકા ને સ્થાન નથી.

તો ચાલો ! આપણે સૌ કોઈ મોબાઈલ, ઈન્ટરનેટ અને આઇ.સી.ટી.વગેરે આધુનિક સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ અને સાચા અર્થમાં શિક્ષિત બનીએ.

(શ્રેયાન વ્યાખ્યાતા ડાયટ-ભાવનગર મો.૭૯૯૦૫૦૯૨૯૩)

### વિનોબાનો હિમાલય

વિનોબાજી ૧૯૧૬માં કોચરબ આશ્રમમાં ગાંધીજીને પ્રથમ વખત મળે છે. થોડાક દિવસ આશ્રમમાં ગાળે છે. ત્યારે એક માણસે વિનોબાને હિમાલય કાયમી માટે જવા વિશે પૂછયું-

ત્યારે વિનોબાએ જવાબ આપેલઃ

'મને મારો હિમાલય મળી ગયો છે.

ગાંધીજીમાં મને હિમાલયની શાંતિ અને બંગાળની ક્રાંતિ પ્રાપ્ત થઈ, તેમનામાં ક્રાંતિ અને શાંતિનો અપૂર્વ સંગમ મને થયો હવે હું હિમાલય જવાનો નથી.'

---

### સ્વામી આનંદના ગાંધીજી

એક દિવસ શ્રીરામ ચિંચલીકરે સ્વામી આનંદને પૂછયું હતુંઃ

'તમે ગાંધીજી તરફ શી રીતે ખેંચાયા ?'

સ્વામી આનંદ : 'સાધુઓની સંગતમાં મેં વર્ષો સુધી વિવિધ પ્રકારનાં તપ કરેલાં. તે વખત સુધીમાં પ્રકાશિત થયેલાં 'ગીતા' વિશેના સેંકડો પુસ્તકો મેં ઉથલાવી નાખેલાં. આ માણસ (ગાંધી) એવો લાગ્યો, જે કહેતો હતો તે કરતો હતો.'

## ૧૩ અજબ માન્યતાઓ.... અને..... એના ગજબ ખુલાસા !

**હીરજી ભીંગરાડિયા**

'જો ખેતીમાં બરકત ન આવતી હોય તો ખેડૂતોએ ઘરમાં 'ઉંદર' પાળવા જોઈએ.' આવી માન્યતાના જોરે આસામના મોટા ભાગના ખેડૂતોના ઘરમાં હવે ઉંદર જોવા મળે છે. આસામમાં ચા નું ઉત્પાદન ખૂબ મોટું, પણ ઉંદરડાં ચાની પત્તી તો ખાતા નથી ! એટલે ખેડૂતો પોતાના ઘરમાં ઉંદરડાંઓને આકર્ષવા માટે ઘરમાં ખાસ અનાજ ભરેલા કોથળા રાખતા હોય છે. અરે ! અચંબો પમાડે એવી વાત તો એ છે કે ઘરમાં રાખેલા અનાજના કોથળા ઉંદરડાંઓ જે દિવસે તોડે તે દિવસને શુકનવંતો ગણી, તે ઘેર ખુશીનો માહોલ સર્જાય છે !

જ્યારે આપણે ત્યાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ખેડૂતોના વાડી-ખેતરોમાં ઊભેલા ખેતીપાકોમાં અને ઘરના કોઠાર-ગોડાઉનોમાં ભરેલા તૈયાર અનાજ કે ખાદ્ય ચીજોમાં અન્ય જીવ-જંતુ કે જાનવરો થકી થતાં નુકસાનના પ્રમાણમાં સૌથી મોટું નુકસાન ઉંદરડાંઓ થકી જ થતું હોય છે. આવા આતંકી જીવને આસામના ખેડૂતો કેમ શુકનવંતો માનતા હશે તે આપણ ગુજરાતીઓને ઝટ ન સમજાય તેવી ઘટના છે.

કચ્છમાં કચ્છીઓના ઘરની બહાર દિવાલ પર 'કંકુના થાપા' શા માટે મારવામાં આવતા હશે એનો જવાબ ત્યાંની કોઈ ગૃહિણીને પૂછતા જડ્યો છે કે, 'લક્ષ્મીને અમારું ઘર દેખાડી, આ તરફ લઈ આવવા માટે આ થાપા મરાય છે !' અને કેરળ વિસ્તારમાં વળી કેરેલિયન કુટુંબો રોજેરોજ વિવિધરંગી રંગોળીઓ પૂરે છે બોલો ! એમની પણ આજ ગણતરી કે ? 'સારી રંગોળી ભાળી લક્ષ્મીજી અચૂક આવે!' ઘર-આંગણાને શોભાવતી રંગબેરંગી રંગોળી બસ, લક્ષ્મીને આકર્ષવા જ પૂરવામાં આવે છે.

અને આપણે ત્યાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મોટાં શહેરો, કસબાઓ અને ગામડાંઓ આમથી તેમ દોડાદોડી ને હડિયાપાટી કરતી રીક્ષાઓના પાછલા ભાગે જૂનું બૂટ કે ચપ્પલ ટીંગાતું હોય તેવું દ્રશ્ય આપણે લોકોની નજરે ક્યારેક ચડે છે. આનું કારણ જાણ્યું છે કોઈએ ? મેં એકવાર રીક્ષા ચલાવતા અમારા ગામના ગોકળીને પૂછી જોયું હતું, એણે તો બસ એ બાબતે પોતાની અજ્ઞાનતા બતાવી 'આવું કરવાથી શું લાભ થાય એની તો મને ખબર નથી, પણ રીક્ષાવાળા બધા ટીંગાડે છે એટલે મેં પણ લટકાવ્યું છે !' એવો ઉત્તર આપેલો.

પણ આ ભ્રમણાનો ખરો જવાબ મળ્યો હતો મને એક ફોરવ્હીલ ગાડીવાળા પાસેથી. ઘણા વરસ પહેલાં હું મારી 'રાજદૂત' મોટર સાયકલ પર સવાર થઈ ભાવનગર જઈ રહ્યો હતો. ભાવનગરમાં મારે સરદાર નગરમાં એક સંબંધીને ત્યાં અંગતકામ સર જવું હતું. રસ્તામાં કાળાનાળા-રૂપાણી સર્કલ વટ્યા પછી મારી સાઈડ કાપી એક અફલાતૂન, મસ્તમોટી, નહીં નહીં તોયે તે દિવસોમાં ૨૫-૩૦ લાખ રૂપિયાની કિંમતી કાર મારી આગળ થઈ. એ આગળ અને હું પાછળ એમ રસ્તો કાપ્યે જતા હતા એ દરમ્યાન મેં એ આગળ ચાલી જતી કારના પાછળના ભાગે નીચે લટકતું એક પગરખું-બૂટ જોયું. મને લાગ્યું કે મોટર માલિકની ખબર બહાર કોઇ મશ્કરે આ કર્યું હોય. કોઈ સાધનસંપન્ન સદગૃહસ્થ ખાહડા ટીંગાડવામાં થોડું માનતો હોય? એવામાં ચાર રસ્તા આવતાં ટ્રાફિક કંટ્રોલરે અમારી સાઈડ બંધ કરી. મારી આગળ ચાલી રહેલી-ટીંગાતા બૂટવાળી ગાડી ઊભી રહી. મેં મારા રાજદૂતને સહેજ સાઈડ પર લઈ એ ગાડીની બાજુમાં ઊભી રાખી. ગાડીના દરવાજાનો કાચ ખુલ્લો હતો. અંદર બેઠેલા શેઠ સીગરેટ પી રહ્યા હતા.

મારો સ્વભાવ છે થોડો જિજ્ઞાસુનો ! આવું કંઈક ઈદંતૃતિયં ભાળું એટલે પૂછ્યા વિના ન રહી શકું ! શેઠને નમસ્તે કહી પૂછી બેઠો. "શેઠ ! માફ કરશો, પણ તમારી જાણ બહાર કોઈએ ગાડી પાછાળ ખાહડું બાંધી દીધું લાગે

છે !''  શેઠ તો બીડીની સટ લેવાનું ઘડીભર બંધ રાખી, મારી સામે ને સામે જ જોઈ રહ્યા, અને પછી એણે શો જવાબ આપ્યો કહું ? ''કોઈ બીજાએ નહીં, મેં જ બાંધ્યું છે.- આવું જૂનું બૂટ-ચપ્પલ ગાડી પાછળ લટકાવેલું હોય તો રસ્તાના કોઈપણ અપશુકન ગાડી ઢુંકડા ન આવે, એ ગાડીની પાછળ જ ટીંગાઈ રહે !'' એનો આવો જવાબ સાંભળ્યા પછી હજી ઘણી પડપૂછ મારે તેમને કરવી હતી પણ સાઇડ ખુલી ગઈ અને વાત અધૂરી રહી ગઈ. શું પૈસે ટકે માલેતુજાર થઈ ગયા કે શિક્ષણની મોટી ડિગ્રીઓ મેળવી લીધી એટલે માનસમાંથી વહેમ અને અંધશ્રદ્ધાથી મૂક્ત થઈ ગયા એવું થોડું હોય છે ?

સુરતમાં મારા એક સંબંધીને ત્યાં ઘરના પ્રવેશદ્વારે ''ઘોડાના પગનો નાળ'' ટીંગાડેલો ભાળી, આવું શું કામ ? એવો પ્રશ્ન પૂછતાં એમણે તો ''કહેવાય છે કે દરવાજે ઘોડાનો નાળ ટીંગાડવાથી ધંધામાં બરકત આવે છે. એટલે સૌની જેમ અમે પણ ટીંગાડ્યો છે.'' એવો જવાબ આપ્યો. અને ''કોઈની ખરાબ નજરનો ભોગ ન બનવું પડે'' એ ભ્રમણામાં રાચતા રહેનાર કેટલાક ઘરોમાં બારણે 'લીંબું-મરચાં' ટીંગાતાં આપણે જોઈ શકીએ છીએ. પણ આખા વિસ્તારમાં ખેરખાં ગણાય નામ નહીં આપું એવા ડૉક્ટરના રહેણાકી ઘરના દ્વારની તો મને જાણ નથી, પણ તેમના દવાખાનાના દ્વારે 'લીંબું-મરચાંનું તોરણ' ટીંગાડેલું ભાળ્યું ત્યારે તો મન દુખાશ્ચર્યમાં ડૂબી ગયું. ગયો હતો તબિયત બતાવવા અને વચ્ચે આ લીંબું-મરચાં લટકાવવાના મહત્ત્વ વિશે પૂછી બેસું અને ક્યાંક ડૉક્ટરના મગજનો પારો ઉછળ્યો હોય તો મારી બીમારીના નિદાન-સારવારમાં અંતરાય ઊભો ન થઈ જાય એ ગણતરીથી પૂછવાનું બંધ રાખ્યું, પણ મનમાં તો પ્રશ્ન ઘુમરાતો જ રહ્યો કે ડૉક્ટરી ભણતર ભણનારા વિદ્યાર્થીઓને મેડિકલ-શિક્ષણમાં શરીર વિજ્ઞાનનું જ્ઞાન જરૂર અપાતું હશે,પણ અંધશ્રદ્ધા-વહેમો અને કુરિવાજો બાબતેની માનસિક સફાઈ વિશે કશુંયે નહીં સમજાવાતું હોય !

મારા જૂના ગામ ચોસલામાં એક ધનીમા કરીને વૃદ્ધા હતાં. અમે નાનાં હતા ત્યારે તેઓ કહેતાં ''છોકરાંઓ ! જેને જેને રાત્રે બીવરાવી દે તેવા ભૂતના સોણાં આવતાં હોય તેમણે ઓશિકાની નીચે ધારદાર ચપ્પુ મૂકીને સૂઈ જવું. બસ, હવે બીક લગાડતું સોણું નહીં આવે. અને જે કોઈ છોકરાંને રાતમાં ખબરબારો પેશાબ થઈ જતો હોય તેમણે સૂતાં પહેલાં ખાટલા નીચે લાકડાનું એક ઢબકલું મૂકીને સૂવું! આમ કરવાથી પથારી પલળવાનું બંધ થઈ જશે એવો આ ધનીમાનો તમને કોલ છે જાવ !'' અને અમે ધનીમાનો એ પડકાર ઝીલ્યો ! ખાટલા નીચે લાકડાંનું ઢબકલું મૂકી જોવાનો પ્રયોગ મારા બાળગોઠિયા રહીમડાએ કરી જોયો. પણ ધનીમાનો એ કીમિયો  થયો નાપાસ ! રહીમડાની પથારી તો પલળવાની શરુ જ રહી હતી !

પંજાબમાં કોઈ વધુ વખતથી બીમાર હોય અને કોઈ દવાદારુ લાગુ ન થતાં હોય તો ''દરવાજાની દિવાલ પર બહારના ભાગે 'ઝાડુ'—સાવરણી ટીંગાડી દેવાય તો દરદમાં રાહત થાય છે'' એવી માન્યતા છે, અને એવું જ ડાંગના અમૂક વિસ્તારમાં બીમારીથી બચવા ઘરની દિવાલ પર ઝાડુ લટકાવાય છે. અરે આપણા સુરતમાં ચાઇનાગેટ-૨ માં મેં રહેણાકી મકાનના બારણા આગળ રાત્રિ દરમ્યાન રંગીન પાણી ભરેલી બોટલો મૂકેલી જોઇ આમ કરવાનું કારણ પૂછતાં જવાબ મળ્યો કે ''આવું કરવાથી રાત્રિ દરમ્યાન કૂતરાં દ્વારા કરાતી હગારની ગંદકીમાંથી  બચી જવાય છે.'' આ કીમિયામાં કંઈ ભલીવાર મને તો ન ભળાઈ, કારણ કે રોજ સવારના પહોરમાં વોકીંગ અર્થે મારે તે દરવાજા આગળથી નીકળવાનું થતું, અને રોજ હું ત્યાં જ કૂતરાએ હગાર કરેલી ભાળતો.

કોની વાત કરવી અને કોની ન કરવી ? આપણે ત્યાં આજના આ ૨૧મી સદીના કૉમ્પ્યૂટર  યુગમાં પણ કોઈ સ્નેહી-સ્વજનના મૃત્યુ પછી વૈતરણી તરવા પરિવારજનોએ ગાયને પૂંછડે પાણી રેડવાનું, કોઈ યુવાન તો ઠીક, પણ નાનું બાળકેય જો છોકરો હોય અને કુંવારી અવસ્થામાં મૃત્યુ પામે તેની પાછળ લીલ પરણાવવા કે પછી અકસ્માતે કોઈ કુટુંબીજનનું મૃત્યુ થાય તો તેના 'સુરધન' કે 'શિકોતર' તરીકે ઘેર ગોંખલા પૂજ્યે રાખવા જેવી ઘણી સાવ હંબક ભ્રમણાઓ પ્રચલિત છે.

સમાજમાં પ્રસરેલા ભ્રમ તો જુઓ ! બહારગામ જવા

પગ ઉપાડ્યા હોય અને કોઈ 'ક્યાં જાઓ છો ?' બોલી ક્યાંકારો કરે કે કોઈને બરાબર આ ટાણે જ 'છીંક' આવે કે તાકડે બિલાડી આડી ઉતરે એટલે પત્યું ! આ બધા અપશુકનના એંધાણ ગણાય ! હવે ? કોઈ સારા પ્રસંગે હાજર થવાનું હોય, એ બંધ પણ કેમ રાખવું ? આવા ટાણે પછી જેમ કોઈ ટ્રસ્ટ કે સહકારી મંડળીની મિટિંગમાં 'કોરમ' પૂરું ન થતાં અરધો કલાક ખમીને જે કાર્યવાહી થાય તે કાયદેસર ગણાય છે, તેના જેવું 'ઘડીક નીચે બેસી જાઓ- પછી વાંધો નહીં' એવું કહી, હેઠા બેસી પછી પ્રયાણ કરે એટલે અપશુકન ટળી જાય બોલો !

અરે ! જમીન ખરીદવી હોય, ગાય-ભેંશ-બળદ જેવું કોઈ જાનવર ખરીદવું હોય કે ટ્રેકટર ખરીદવું હોય, પણ "કળકળતો ખીચડો કે સામી ઝાળ નથીને ? અરે, વિંછૂડો પાછો પેટાળે તો નથીને" એ પહેલું જોવાનું ! તમે જ કહો, આ બધાનું હોવું કે ન હોવું-એમાં ખરીદીમાં શું ફેર પડવાનો હોય ? અને એ બળદ-ગાય કે ટ્રેકટર પાછા કોને હાથે અને ક્યા ચોઘડિયે દોરવા એનુંયે પાછું મુહૂર્ત જોવાનું! શુકન-અપશુકન-મુહૂર્ત-ચોઘડિયાં એ મનની ખાલી માન્યતાઓ છે.જેમાંથી વહેલામાં વહેલા સૌએ બહાર આવવું જોઈએ.

હવે તેથી વિપરીતઃ સમાજમાં એવા પણ કેટલીક પ્રથા અને રીતરિવાજો પ્રસરેલા છે, જો ઊંડા ઉતરીએ તો તેની પાછળ કોઈ ઉમદા ભાવનાઓ સમાયેલી જણાય વિના ન રહે. દા ત.

મહારાષ્ટ્રીયન કુટુંબોમાં દરરોજ સવારમાં રસોઈની શરૂઆત કરતી વખતે વધુ નહીં તો છેવટ એક બે ચમચી પણ મીઠી રસોઈ-એટલે કે 'શીરો' બનાવાય છે. એની પાછળ બસ એવી જ માન્યતા સમાયેલી છે કે "ચૂલો સળગે એટલે પહેલી વાનગી તો મીઠી જ બનાવવી ! એ મીઠી રસોઈની એક બે ચમચી ચૂલો-સ્ટવ-સગડી કે ગેસચૂલાને હોમી હવન કરવો અને એને ઈશ્વર રૂપ ગણી એવી પ્રાર્થના કરવી કે "આજના દિવસે તારા પર જે રસોઈ કરવામાં આવે છે તેના થકી અમારી આંતરડી ઠારે !"

બિહારમાં એવો રિવાજ છે કે જે ઓજારથી આપણે ધંધો કરતા હોઈએ, તે ઓજાર આપણા માટે 'પૂજનીય' ગણાય. તે પછી ખેતીપાકની લણણી કરવાનું દાતરડું હોય, જમીન ખોદવાનો ત્રિકમ હોય કે ભલે દાઢી કરવાનો અસ્ત્રો હોય ! અરે કપડાં વેતરવાની કાતર કેમ ન હોય ! આ બધાં સાધનો આપણને રોટલો રળવામાં સાથ આપી રહ્યાં છે. એટલે દર મહિનાની પૂનમે દરેક લોખંડી સાધનોની પૂજા અવશ્ય કરવી જ જોઈએ."

આપણે ત્યાં પણ વરસો જૂનો રિવાજ છે જ કે જે લોકો વેપાર કરતા હોય,અને હિસાબનાં ચોપડા રાખતા હોય તેમણે બધાએ દિવાળી ઉપર "ચોપડા પૂજન" કરવાનું. હવે વિજ્ઞાન આગળ વધતાં ઘણાના હિસાબો કૉમ્પ્યૂટર પર થવા લાગ્યા છે, તો મારવાડી વેપારીઓ ચોપડાની સાથોસાથ કૉમ્પ્યૂટરની પૂજાને પણ સામેલ કરે તો વ્યાજબી જ કહેવાય.

અમ ખેડૂતોની 'કૃષિ વિકાસ મંડળ' ની એક મિટિંગમાં પ્રશ્ન આવ્યો કે " જે વરસે જમીનમાં અળસિયાં વધુ દેખાય તે વરસે ઉપજણ વધારે આવે ? શું એ વાત સાચી કહેવાય કે ખોટી ?" અને ખેડૂતોની અંદરોઅંદરની ઘણી ચર્ચાને અંતે નક્કી થયું કે "આ વાત સાવ જ સાચી ગણાય. જમીનમાં જેમ અળસિયાંની સંખ્યા વધે તેમ તે જમીનમાં વરસાદી પાણીનો સંગ્રહ વધારે થાય, અળસિયાની હગાર દ્વારા કેટલાય પોષક તત્ત્વોનું જમીનમાં ઉમેરણ થાય, જમીનનું બંધારણ સુધરે-એટલે કે જમીનની ફળદ્રુપતામાં વધારો થતાં ઉપજણ વધે વધે ને વધે જ !" આ કોઈ ભ્રમણા નથી. સત્ય-નક્કર હકીકત ગણાય. આ વાત પરથી ખેડૂતોએ ધડો એ લેવો જોઈએ કે ઉતરોત્તર અળસિયાંની સંખ્યા જમીનમાં વધે એવા કાર્યક્રમો કરતા રહેવા જોઈએ.

આપ સૌની નજરમાં આવ્યું હશે જ કે વેપારી દુકાન ખોલે એટલે અંદર પ્રવેશ કરતાં પહેલાં દુકાનના દ્વારને ત્રણ વાર નમન કરી "તું રોટલો રળી દેનાર છે, તને નમું છું." એવો મનમાં ભાવ ધર્યા પછી જ બારણાં ઉઘાડે છે. ખેડૂતોએ પણ વાડી-ખેતરને દરવાજે કે શેઢે જઈ, ધરતીને નમન કરવાનો શિરસ્તો ઊભો કરવો જોઈએ.

વાવણી લાયક વરસાદ વરસે અને વાવણિયા જોડવાના થાય એટલે વાવણીનું સાધન દંતાળ, ઓરણી-ડાંડવાં,

બળદિયા અને ખેડૂત સૌને કપાળે ચાંદલા અને મોઢામાં ગોળની કાંકરી, અને ડેલી બહાર નીકળતાં સામે મળનારને પણ મીઠાં મોઢાં કરાવવાનો જે રિવાજ છે તે બધી રીતે વ્યાજબી જ છે. એવું જ સમાજમાં પ્રચલિત માન્યતા છે કે ‘‘ખિજડાના ઝાડવે તો મામો બેઠો હોય, ખિજડો કાપવા ગયે મામો વળગે’’, ‘‘પીપળાના વૃક્ષ પર તો ભૂતનો વાહ હોય ! એનાં ડાળી-પાંદડાં ન જ તોડાય !’’ અરે ! આંકડો તો હનુમાનદાદાનું પ્યારું ઝાડવું ગણાય, દેવદેરાં ચડાય, બાકી હનુમાનની હડીએ ન ચડાય-આંકડાનું કદી બળતણ ન કરાય.’’ આવી બધી માન્યતાઓ સાવ હંબક નથી. એની પાછળ તો આપણા ગલઢેરાઓએ કોઈને કોઈ પર્યાવરણ રક્ષાનો ગર્ભિત સંદેશો સંગ્રહેલો હોય છે. એનો તો શક્ય તેટલો તેની સમજણ સાથેનો અમલ થાય એ જ આપણા સૌના લાભની વાત ગણાય.

એવું જ હુતાસણીની અગ્નિઝાળની દિશા, જેઠીબીજનો ઝબકારો, અષાઢી પાંચમની વીજળી, ટીટોડીના માળાનું ઉંચાણ-નીચાણનું સ્થળ, ઝાડવે કાગડાના માળાની પસંદગીની દિશા, ચકલાંઓનું ધૂળીસ્નાન, માલઢોરનું ઝોલે ચડવું, કકણહાર પક્ષીનો બોલી કકળાટ, અને મોઢામાં ખોરાકી કણિકા અને ઈંડાળ સાથેની કીડી-મકોડાની ભાગંભાગ-આ બધા ચિહ્નો જોવા-તપાસવા અને એના પરથી વરસાદ અને વરહના અનુમાન બાંધવા એ કોઈ અંધશ્રધા કે ભ્રમણાઓ નથી, એ તો અનુભવના નિચોડરૂપ ગઢિયાઓની કોઠાસૂઝનું વિજ્ઞાન છે ભાઈ !

મો.૯૩૨૭૫ ૭૨૨૯૭

**ગણિકાએ દેહવ્યાપારનો ત્યાગ કર્યો.**

ભારત આઝાદ થયા પૂર્વેના સમયે લખનોમાં કોંગ્રેસ અધિવેશનમાં ગાંધીજી ગયા હતા ત્યાં બપોર પછી બાપુ મુલાકાતીઓને અને કાર્યકરોને મળીને પોતાની કુટિરમાં જઈ ટપાલ લખવા બેઠા ત્યાં એક કાર્યકર બહેન એક બાઈ સાથે આવી કહે છેઃ ‘બાપુ અંદર આવું.’. બાપુઃ ‘ આવો બહેન,’

કાર્યકર બહેનઃ ‘બાપુ ! આ બાઈ સવારથી ભૂખી-તરસી તમને મળવાની રઢ લઈ બેઠી છે. બાપુ આપની એકાદ-બે મિનિટ જ જોઈએ છે.’

બાપુઃ ‘ બોલો બહેન, શું કામ છે ?’

કાર્યકર સ્ત્રી સાથે આવેલી બાઈએ માથે ઓઢી, બાપુ આગળ આવી બાપુની ચરણરજ માથે સ્પર્શ કરી, પાલવ પાથરી બોલીઃ ‘બાપુ, મેં સાભળ્યું છે કે તમે ભારતના ગરીબો માટે ફાળો એકઠો કરો છો ? હું ગણિકા છું મારી એ કમાઈની રકમ તો ફાળામાં ન આપું કારણ કે એ દેહ વેંચીને આવેલી છે પરંતુ હું નાની હતી ત્યારે મારી મા એ મને સોનાની ચાર બંગડી આપી હતી એ તમારા ચરણોમાં રાખું છું.’

આટલું બોલી એ ગણિકાબાઈએ હાથમાંની સોનાની ચાર બંગડીઓ ઉતારી બાપુના ચરણોમાં નમ્રપણે મૂકી દીધી અને જવા માટે ઊભી થઈ ગઈ. આ જોઈબાપુ પણ ઊભા થયા સોનાની બંગડીઓ આપનાર ગણિકા સામે વાત્સલ્ય જોઈ રહ્યા અને એના માથા પર હાથ મૂકી આશીર્વાદ આપતા કહ્યુંઃ ‘ ઈશ્વર તને સુખી રાખે દીકરી’

બાપુના શબ્દો સાંભળી ગણિકાની આંખમાં આંસુ ઊમટી આવે છે,ભાવુક થઈ ગણિકા બહેન બોલીઃ ‘બાપુ, તમે મને દીકરી કહી મારો તો જનમ ફેરો ફળી ગયો હવે તો હું તમારી દીકરી મારો ધંધો કેવી રીતે કરી શકીશ ?

ગાંધીજીની દીકરી થઈને હું કોઠા પર બેસી શકું જ નહીં!’ ગણિકાની વાત સાંભળી બાપુએ એને પુનઃ નૂતન જીવનના આશીર્વાદ આપ્યા...વાતાવરણ ભાવમય બની ગયું હતું.

## ૧૪ આપણી સંવેદના

**ડો. બી. એમ. શેલડિયા**

એક તો ઈશ્વરની ધારણા છે, જે આપણે બુદ્ધિગત રૂપથી સમજી લઈએ છીએ, ઇંટેલેક્ચુઅલી. તેનું બહુજ મૂલ્ય નથી. એક ઈશ્વરની પ્રતીતિ છે, જે આપણે સંવેદનાથી જાણીએ છીએ, સેંસિટિવલી. આ બે શબ્દોને યોગ્ય રીતે સમજી લઈએ - ઇંટેલેક્ચુઅલી, બુદ્ધિથી ; સંવેદનાથી, સેંસિટિવલી, પ્રતીતિથી.

હવા શરીરને સ્પર્શે છે, તો અનુભવ થાય છે, તે સ્પર્શી રહી છે. આંખ સૂરજને જોવે છે, તો અનુભવ થાય છે, તેની રોશની છે. ફૂલ ખીલે છે, તો લાગે છે, તેની સુગંધ છે. કોઈ સુંદર ચહેરો દેખાય છે, તો લાગે છે, તેનું સૌંદર્ય છે. રુવાડે - રુવાડેથી, ઊઠતા - બેસતા, સૂતા - ચાલતાં, જે કોઈપણ સંવેદના થાય છે, બધી જ સંવેદનાઓમાં તેનો સંદેશ પ્રતીત થાય છે. તેથી ધીરે - ધીરે જીવનનાં બધા જ દ્વારો તેની ખબર લાવવા લાગે છે. અને અંદર એક ક્રિસ્ટલાઈજેશન, એક તત્ત્વ સંગૃહિત થાય છે. અને અંદર એક કેન્દ્ર, એક સેંટરિંગ ઘટિત થાય છે. તે જાણવાને, શ્રીકૃષ્ણ તત્ત્વથી જાણવું કહે છે.

તેને માટે શું કરીએ? આપણી સંવેદના તો મરી ગઈ છે. કોઈનો હાથ પણ સ્પર્શીએ છીએ, તો કંઈ ખબર પડતી નથી. ચામડી ચામડીને ભલે સ્પર્શ કરતી હોય, પરંતુ ચામડીની પહેલી પાર કોઈ ચીજ સ્પર્શી રહી છે, તેની ખબર પડતી નથી. અત્યારે યુરોપ અને અમેરિકામાં બહુજ મોટા ફલક પર સેંસિટિવિટીનો પ્રયોગ ચાલે છે, સંવેદનાનો પ્રયોગ ચાલે છે. લોકો સમૂહમાં ભેગા થાય છે, એક - બીજાનાં શરીરને સ્પર્શે અને જાણવાને માટે કે સ્પર્શનો અનુભવ શું છે. તેનું પ્રશિક્ષણ ચાલે છે. થોડાક ઉદાહરણો ઉપરથી વાત વધારે સ્પષ્ટ થશે.

આપણે ગયાં છીએ, જુહૂના કિનારે, રેતીમાં બેઠા છીએ. આંખ બંધ કરી દઈએ, રેતીને હાથથી સ્પર્શીએ, રેતીને તો ઘણી વાર સ્પર્શી છે, ઘણી વાર તેના ઉપર ચાલ્યા છીએ. પરંતુ રેતીની આપણને કોઈ સંવેદના નથી. આંખ બંધ કરી દઈએ, શાંત થઈ જઈએ, વિચારને શાંત થવા દઈએ, પછી રેતીને હાથથી સ્પર્શીએ. તેનો અનુભવ કરીએ - શું છે - હાથથી સ્પર્શીને. ઊંધા હાથથી સ્પર્શીએ; તેની ઠંડક, તેની ગરમી, એક - એક દાણાનો અલગ - અલગ ભાવ. સૂઈ જઈએ, માથું રેતીમાં રાખી દઈએ, બંધ આંખો રેતીમાં રાખી દઈએ. આંખોની પાપણો પર અનુભવ કરીએ - રેતીની પ્રતીતિ, રેતીનો ફેલાવો - વિસ્તાર, રેતીનું અસ્તિત્વ. રેતીની મુઠ્ઠી ભરીએ; અનુભવ કરીએ.

એક કલાક રેતીની સાથે રહીને સંવેદનાને જીવિએ અને ત્યારે આપણે પહેલી વખત અનુભવ કરીશું કે રેતીમાં પણ ઘણા આયામો છે. તેનું પણ પોતાનું હોવું છે. રેતીનો પણ મોટો અનુભવ છે, રેતીની પણ મોટી સ્મૃતિઓ છે, રેતીનો પણ મોટો લાંબો ઈતિહાસ છે. રેતી પણ ફક્ત રેતી નથી. તે પણ અસ્તિત્વની એક દિશા છે. અને ત્યારે ઘણી બધી પ્રતીતિ થશે.

હરમન હેઝે પુસ્તક લખ્યું છે, 'સિદ્ધાર્થ'. તેમાં સિદ્ધાર્થ એક પાત્ર છે, તે નદી કિનારે વર્ષોથી રહે છે, નદીનો અનુભવ કરે છે. ક્યારેક નદી બળમાં હોય છે, તોફાન હોય છે, આંધી હોય છે, ત્યારે નદીનું એક રૂપ પ્રગટ થાય છે. ક્યારેક નદી શાંત હોય છે, મૌન હોય છે, પોતાનામાં લીન હોય છે, તરંગ પણ નથી હલતું, ત્યારે નદીનું એક બીજું જ રૂપ હોય છે. ક્યારેક નદી વર્ષા ઋતુની નદી હોય છે, વિક્ષિપ્ત

અને પાગલ, ઉન્મત થઈને સાગર તરફ દોડતી. ત્યારે નદીમાં એક ઉન્માદ હોય છે, એક મેડનેસ હોય છે; તેનો પણ પોતાનો આયામ છે, પોતાનું અસ્તિત્વ છે. અને ક્યારેક તાપ આવે છે, ગરમીના દિવસો આવે છે, પાતળી, એક ચાંદીની ચમકતી ધારા જ રહે છે. ત્યારે તે નદીની દુર્બળતામાં, તે નદીના મટી જવામાં કંઈક બીજું જ હોય છે.

ધીરે - ધીરે સિદ્ધાર્થ તે નદીના કિનારે રહેતાં - રહેતાં નદીની વાણી સમજવા લાગે છે. ધીરે - ધીરે નદીનો ભાવ સમજવા લાગે છે, મૂડ સમજવા લાગે છે. નદી ક્યારે નારાજ છે, નદી ક્યારે ખુશ છે, ક્યારે નદી નાચે છે અને ક્યારે નદી ઉદાસ થઈને બેસી જાય છે ! ક્યારે દુઃખી થાય છે, ક્યારે સંતપ્ત હોય છે, ક્યારે પ્રફુલ્લિત હોય છે, તે તેના બધા જ સ્વાદો, તેના બધા જ અનુભવો, નદીની અંતર્વ્યથા અને નદીનું અંતર્જીવન, નદીની આત્મકથામાં ડૂબવા લાગે છે.

ધીરે - ધીરે નદી તેને માટે મોટી શિક્ષિકા બની જાય છે. તે એટલો સંવેદનશીલ થઈ જાય છે કે તે પહેલેથી કહી શકે છે કે આજે સાંજે નદી ઉદાસ થઈ જશે. તે પહેલેથી કહી શકે છે કે આજે રાત્રે નદી નૃત્ય કરશે. તે પહેલાથી કહી શકે છે કે આજે તેના પ્રાણોમાં કોઈ ગીત છે. વર્ષોના વર્ષોથી નદીના કિનારે રહેતાં, નદી અને તેની વચ્ચે એક જીવંત સંબંધ થઈ જાય છે. ત્યારે નદી જ પરમાત્મા થઈ જશે. જો આટલી સંવેદના આવી જાય, તો હવે કોઈ બીજા પરત્માને શોધવા જાવા નહીં પડે.

જે ઋષિઓએ ગંગામાં પરમાત્મા જોયા, તેઓ કોઈ આપણા જેવા ગંગાના તીર્થયાત્રીઓ નહોતા, કે ગયા, અને ત્યાં બે પૈસા ફેક્યા, અને પંડા પાસે પૂજા કરાવી, અને પોતાના પાપોને ગંગાને સોપીને ભાગી આવ્યાં ! જેઓએ પોતાના પુણ્યને ગંગાને નથી આપ્યું, તે ગંગાને ક્યારેય જાણી શક્શે નહીં. પરંતુ જેઓએ વર્ષોના વર્ષો ગંગાના કિનારે રહીને તેની જીવનધારા સાથે પોતાના જીવનની ધારા મેળવી દીધી હશે, તેને ખબર પડી હશે. ત્યારે કોઈપણ નદી ગંગા થઈ જશે અને પવિત્ર થઈ જશે.

સંવેદના - રેતીમાં પણ, વૃક્ષનાં પર્ણોમાં પણ, ફૂલોમાં પણ, વ્યક્તિના હાથોમાં પણ, લોકોની આંખોમાં પણ - જીવનને એક સંવેદના બનાવીએ. બધી તરફથી જેટલું જીવનને વધારે સ્પર્શી કરી શકાય, એટલો સ્પર્શ કરીએ. આ સ્પર્શથી આપણી અંદર એક કેન્દ્રનો જન્મ થશે. તે કેન્દ્ર પરમાત્માની યોગશક્તિને જાણી શકે છે. તે કેન્દ્રને ખબર પડે છે કે જ્યારે હું સંવેદનામાં વહું છું, અને જ્યારે મારું દ્વાર સંવેદનાને માટે ખૂલે છે, જ્યારે હું એક નદીને માટે મારા હૃદયને ખોલી દઉં છું, જેમ કોઈ પ્રેમી પોતાની પ્રેયસી માટે પોતાના હૃદયનું દ્વાર ખોલે છે અથવા કોઈ પ્રેયસી પોતાના પ્રેમી માટે પોતાના હૃદયનું દ્વાર ખોલે છે, ત્યારે એક નદીમાંથી પણ પરમાત્માનું આગમન શરૂ થઈ જાય છે. બુદ્ધિથી આ ખબર નહીં પડે. બુદ્ધિ બહુજ આંશિક ઘટના છે, અને બહુજ પુરાણી અને વાસી. સંવેદના તાજી, જીવંત ઘટના છે. અને મજા આ છે કે બુદ્ધિ તો ઉધાર પણ મળી જાય છે, સંવેદના ઉધાર નથી મળતી.

મો.-૯૪૨૮૧૯૧૩૧૧

**આચાર્ય કૃપલાનીને ગાંધીજીનો જવાબ**

એક વખત આચાર્ય કૃપલાનીજીએ ગાંધીજીને પૂછ્યું કે :

'બાપુ, આમ અહિંસક આંદોલનથી દુનિયાનો કોઈ દેશ સ્વતંત્ર થયો હોય એવું ઇતિહાસમાં બન્યું નથી.'

બાપુઃ 'કૃપલાની, તમે ઇતિહાસ ભણાવો છો, પણ મારે એક નવો ઇતિહાસ રચવાનો છે.'

## ૧૫ કોડિયું વાચકનો અભિપ્રાય

**વિનોદભાઈ માંગુકિયા**

(લેખઃ કૃષ્ણલાલ શુકલની દીકરી અર્ચનાબહેને પોતાના પિતા વિશે લખેલ લેખઃ 'એકસો દસમાં જન્મદિવસે હેપ્પી બર્થડે - કોડિયું સપ્ટેમ્બર-૨૦૨૪ અંકનું ભાવન કરી લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી અમેરિકા સ્થિત શ્રી વિનોદભાઈ માંગુકિયાએ લખી મોકલાવેલ ભાવાર્પણ.)

અ.સૌ.અર્ચનાજી !

નમસ્કાર !

આજે મને આંબલાના પૂર્વ કાર્યકર સ્વ.દયાળભાઈના દીકરા અશોકભાઈએ 'કોડિયું' માં આવેલો શુકલદાદા અંગે તમે લખેલો લેખ મોકલ્યો. હું વાંચી ગયો અને લોકભારતીમાં પણ જાણે પુનઃ યાત્રા કરી આવ્યો. તમે વિજ્ઞાનના વિદ્યાર્થિની છો તેમ છતાં ગુજરાતીમાં પણ ખૂબ સરસ લખી શકો છો તે આજે આ લેખ દ્વારા જાણી શક્યો.

શુકલદાદા તમારા તો પિતાજી પણ મારા પિતાજીના ગુરૂ અને મારા પણ ગુરૂ !આવો સંયોગ ભાગ્યે જ રચાતો હોય છે ! મારા પિતાજી ધન્ધુકા તાલુકાના ભડિયાદ ગામમાં ૭ ધોરણ પાસ કર્યા પછી પંચાયત મંત્રીની તાલીમ લેવા સાબરમતી આશ્રમ ખાતે ગયેલા ત્યારે છારોડી ગૌશાળામાં ગાય ઉછેરની તાલીમ લેવાની થઈ ત્યારે શુકલદાદા ત્યાં મેનેજર હતા.

છેલ્લે ૧૯૯૬ માં હું મારા બા અને બાપુજીને મારી મારૂતિ કારમાં લઈને સૌ સગાસંબંધીને મળવા નીકળેલો ત્યારે શુકલદાદા અને મારા પિતાજીનો લોકભારતીમાં આવીને મેળાપ કરાવેલો.મારા પિતાજીએ સામેથી મને કહ્યું કે, 'જો લોકભારતી સુધી ગાડી લઈલે તો મારે ગુરૂજીને છેલ્લી વાર મળી લેવું છે.' આમ વરસો પછી બંને બુઝુર્ગો મળ્યા ત્યારે પરસ્પરને ઓળખી ગયેલા અને ભેટી પડેલા.

૧૯૬૫માં યોગેશભાઈએ મને અમદાવાદ એરપોર્ટ ઉપર પહેલીવાર ૫ રૂપિયાની ટીકીટ વાળા ગ્લાઈડરમાં બેસાડીને અમદાવાદ ઉપર ચક્કર લગાવેલું. લોકભારતીમાંથી વેકેશનમાં જયારે જયારે ઘરે જઈએ ત્યારે હું કાકા કાકીને અચૂકપણે મળીને -ચરણસ્પર્શ કરીને ઘરે જતો ત્યારે તેઓ કાયમ મારા પિતાજીને જયશ્રી કૃષ્ણ કહેવાનું કહેતા.

અમને તેઓ પાસે ત્રણ વરસ ગોપાલન ભણવાનો લાભ મળ્યો છે. અમે પાંચસાત વિદ્યાર્થીઓ સૂકાભઠ ભાલપ્રદેશમાંથી આવેલા એટલે ગીરગાય જોયેલી નહીં અને ભાલમાં સૌરાષ્ટ્રની ધરતી જેવું ઘાસ ઊગે નહીં તેથી અમને ગોપાલનમાં ટપ્પો પડે નહીં પણ તેઓ એટલી ધીરજથી બધું સમજાવતા જેથી તે વિષય સમજાઈ જતો હતો.

લોકભારતીમાં એક દસકો એવો ગયો કે ત્યાં ગુજરાતનું શ્રેષ્ઠવિદ્યાધન અધ્યાપન કાર્યમાં વ્યસ્ત હતું અને અમે ગામડેથી આવેલા ગામડિયા છોકરાઓને તેઓની સામે બેસીને અભ્યાસ કરવાનો અપૂર્વ અવસર મળ્યો એ જ અમારી મોટી જીવનમૂડી બની રહી છે. હું ઘણી વાર વિક્રમ ભટ્ટને કહું છું 'અલ્યા ભઈ ! મારી વાત સાંભળ ! જો, પ્રશાંત ભટ્ટ, વિક્રમ ભટ્ટ, અરૂણ દવે, આનંદ અંધારિયા, અર્ચના શુક્લ આ બધાં વિદ્વાન અધ્યાપકોનાં સંતાનો ખરાં પણ તેમને કોઈને આપણા દિગ્ગજ વિદ્યાગુરુશ્રીઓ પાસે ભણવાનો લ્હાવો મળ્યો ખરો ? તમારે તો ઘેર બેઠા ગંગા હતી ! એ લ્હાવો તો અમને ભરપૂર મળ્યો છે !

ભલું થજો પૂજ્ય નાનાદાદા, મનુભાઈ, બુચભાઈ, શુકલદાદા, રતિભાઈ અંધારિયા અને બુનિયાદી શાળાઓવાળાનું કે અમને ધોરણ ૧૦ પાસ કરાવીને લોકભારતીમાં મોકલ્યા. શરૂ શરૂમાં એ બહુશ્રુત વિદ્વાનોના વ્યાખ્યાનોમાં અમારો ટપ્પો ક્યાંથી પડે ? ભણ્યા ત્યાં સુધી ખબર ન પડી કે 'આપણે જેઓની પાસે ભણ્યા હતા તેઓ

લોકભારતીમાં નોકરી નહોતા કરતા, તેઓ તો તપ કરતા હતા. તેઓ કોઈ પ્રોફેસર્સ નહોતા પણ એક એક સ્વયં મીની યુનિ.સમાન હતા.તેઓ એક એક વડલા હતા.સ્વયં એક એક સંસ્થા જેવા સમર્થ હતા. સ્નાતક થઈને અમારે શિક્ષકની નોકરીમાં શિક્ષણના વ્યાવસાયિક મેદાનમાં માત્ર કોર્સ કોર્સ અને પરીક્ષા પરીક્ષા રમવાનું આવ્યું ત્યારે આપણા પુણ્યશ્લોક ગુરૂજનોનું ખરું મહત્ત્વ સમજાવા લાગ્યું. આ એ ગુરૂઓ હતા કે જેઓને તેમના પગાર ધોરણની ખબર નહોતી,ઇંક્રીમેટ અને રજાનું રોકડમાં રૂપાંતર એટલે શું એ ખબર નહોતી અને તેઓએ ટી.એ.-ડી.એ.નાં બીલ કદી મૂક્યાં જ નહોતા !

નાનાદાદા નામના ઋષિની છત્રછાયામાં એ વિદ્વાન ગુરૂજનો લોકભારતીને સમર્પિત રહ્યા. જેઓના પાવનપગલાં લોકભારતીની ભૂમિને પવિત્ર કરી ગયાં તે સૌ વિદ્યાગુરૂઓને આદરપૂર્વક પ્રણામ.

તમે પુત્રી તરીકે સ્વ.પિતાજીને ભાવભરી શ્રધ્ધાંજલિ આપતો લેખ લખ્યો તે બદલ તમને ધન્યવાદ ઘટે છે.

વિનોદ માંગુકિયા
શિકાગો,અમેરિકા,
તા.૦૮/૧૧/૨૦૨૪

**સમસંવેદન**

ગાંધીને બ્રિટીશ વડાપ્રધાન ચર્ચીલે એમનો પહેરવેશ જોઈ અર્ધનગ્ન ફકીર કહ્યા હતા. ચર્ચીલને શું ખબર કે આ ફકીરે શા માટે અપૂરતા વસ્ત્રો ધારણ કર્યા હશે? ઓરિસ્સાના ગામડાઓમાં ભ્રમણ કરતા ગાંધીજીએ એક ગામડામાં ઝૂપડાં પાસે પહોચી સાદ પાડયોઃ

'ઘરમાં કોઈ છે? અમે તમને મળવા આવ્યા છે. બહાર આવો.'

ગાંધીનો સાદ સાંભળવા છતાં ઘરમાંથી કોઈ માણસ બહાર નીકળતું નથી એટલે કસ્તુરબાને બાપુએ કહ્યુંઃ 'તું જરા ઘરમાં અંદર જઈને જોઈ આવ કોઈ માણસ છે કે?'

કસ્તૂરબાએ ઘરમા જઈ અવાજ કર્યોઃ ' કોઈ છે કે?'

બાનો અવાજ સાંભળી કોઠી પાછળથી અવાજ સંભળાયોઃ

'હું અહીં છું. કોઠી ઓઢી બેઠી છું.'

બાએ કોઠી પાછળ જઈ જોયું તો એક સ્ત્રી પોતાનું નગ્ન શરીર સંકોચી બેઠી હતી. એ જોઈ બાએ પૂછયુંઃ 'શરીર પર કપડું કેમ નથી પહેર્યું? '

જવાબ મળ્યોઃ ' અમે ખૂબ ગરીબ છીએ, આ ઘરમાં અમે બે સ્ત્રીઓ રહીએ છે, અને અમારી પાસે એક ફાંટેલું કપડું છે. જેને બહાર જવું હોય ત્યારે એ પહેરીને જાય અને ઘરમાં રહે તે કોઠી ઓઢીને પોતાનું શરીર ઢાંકે.'

કસ્તૂરબા તો વ્યથા સાંભળી વ્યથિત થઈ ગયા.

બહાર આવી બાપુને બધી વાત કહી. બાપુએ તો એજ ક્ષણે પૂરો પોષાક ઉતારી પોતાની પાઘડીમાંથી એક કટકો ફાડી, પોતડી બનાવી પહેરી બીજા કપડાં આપી દીધાં.સજળ આંખે કશોક સંકલ્પ કરતા ગાંધીજી આગળ ગયા...

## ૧૬ સંસ્થા સમાચાર (નવેમ્બર, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

### લોકભારતી સમાચાર

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૩૦/૧૦/૨૦૨૪ના રોજ મુખ્ય સેવિકા તાલીમ વર્ગના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને પુસ્તક વિતરણ કરી શુભેચ્છાઓ પાઠવી.
- સંવત ૨૦૮૧ના નૂતન વર્ષના પ્રભાતે યોજાયેલ લોકભારતી પરિવારના સ્નેહ મિલનમાં તા.૦૨ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી અરુણભાઈ દવેએ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૬ના રોજ મહિલા તલાટી કમ મંત્રીના વર્ગ ઉદ્ઘાટન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉપસ્થિત રહ્યા.
- તા.૧૧મીના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શુભેચ્છક શ્રી રાજુભાઈ રાણા અને શ્રી શ્યામભાઈ પાઠક લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા. ૧૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલયમાં વિદ્યાર્થીઓના બુધસંમેલનમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ ‘આપણું બ્રહ્માંડ’ની સુંદર સફર કરાવી.
- તા. ૧૩ અને ૧૪ના રોજ શ્રી નિગમભાઈ શુકલ તથા શ્રી પ્રદીપભાઈ ક્યાડા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ૪૧મી ઝર્ક મિટિંગમાં હાજર રહી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વાર્ષિક અહેવાલ રજૂ કરી આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૪ના શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ તલાટી કમ મંત્રી તરીકે ‘હકારાત્મક વલણથી ગ્રામવિકાસ’ સંદર્ભે નમૂનેદાર કામો અંગેના દ્રષ્ટાંતો આપી આરોગ્યલક્ષી બાબતોની સમજ આપી.
- ડૉ.દિનુભાઈ ચુડાસમાએ સંપાદિત કરેલ પુસ્તકઃ ‘શબદની નાવ મૌનના ઘાટે’ નું લોકાર્પણ પૂ.મોરારિબાપુના શુભહસ્તે તલગાજરડામાં સંતવાણી એવોર્ડ સમારોહમાં તા.૧૭/૧૧/૨૪ના રોજ થયું. પૂજ્ય બાપુએ શ્રી દિનુભાઈનું સાલ ઓઢાડી સન્માન કર્યું અને આશિષ આપેલ.
- જાફરાબાદની GHCL ફાઉન્ડેશનના કાર્યકરોની એક શિબિર લોકભારતીમાં તા.૧૮ અને ૧૯ના રોજ યોજાઈ ગઈ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૯ના રોજ સણોસરા પી. એચ. સી. સેન્ટરમાંથી હુનાણી આશિયાબહેન તથા મિતેશભાઈ ગૌસ્વામી અને મહેશભાઈ પડાયા તાલીમાર્થીઓ સમક્ષ ‘આરોગ્ય અને જન સુખાકારી’ તથા આરોગ્ય લક્ષી જુદી જુદી યોજનાઓ સંદર્ભે વ્યાખ્યાન આપી ગયા.
- તા.૨૧ અને ૨૪ના રોજ લોકભારતીની વિદ્યાર્થિની બહેનો અને કાર્યકર-પરિવારની બહેનો માટેનો અમદાવાદના આશીર્વાદ ફાઉન્ડેશનના શ્રી મિતાબહેનપંડિત-જોશીના માર્ગદર્શન તળે બ્રેસ્ટ કેન્સર જાગૃતિનો કેમ્પ યોજાઈ ગયો.
- વિશ્વગ્રામ સંસ્થાના શ્રી સંજય-તુલાના આયોજન

તળે તા.૨૨મીના રોજ મણિપુરી લોકસંગીતનો એક સાંગીતિક કાર્યક્રમ 'મણિપુરનો નાદ' સારસ્વતભવનમાં યોજાઈ ગયો, તેમાં જાણીતા પાર્શ્વગાયિકા શ્રી મેઘા ડાલ્ટને પણ ગાંધીગીતો રજૂ કરી સૌને પ્રભાવિત કર્યા.

- ભાવનગર જિલ્લા આઈસીડીએસ સંચાલિત આંગણવાડીઓના વર્કર્સ બહેનોની એક તાલીમ શિબિર લોકભારતીમાં તા.૨૫થી ૨૯ દરમિયાન યોજાઈ ગઈ.
- તા.૨૫ના રોજ બોટાદ જિલ્લામાં યોજાનાર NAS સર્વેક્ષણ માટે અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓને ડાયેટ ભાવનગરના શ્રી હિરેનભાઈ ભટ્ટ, શ્રી સંજયભાઈ તલસાણીયા, શ્રી રાજશ્રીબહેન દ્વારા FI તરીકેની તાલીમ આપવામાં આવી.
- શ્રી સી.યુ.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'લોકભારતી ગોસંવર્ધન અને સંશોધન કેંદ્ર'ને સમૃદ્ધ કરવાની ઉદાર સખાવતની સ્વીકૃતિનો એક સુંદર કાર્યક્રમ તા.૨૬મીના રોજ સાંજે ગોધૂલિ વેળાએ પૂ. ભાઈ શ્રી નલિનભાઈ કોઠારીની નિશ્રામાં અને શ્રી મીનળબહેન શાહની ઉપસ્થિતિમાં પ્રેમની પરબના શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસની મધ્યસ્થી દ્વારા યોજાઈ ગયો. દોઢસો જેટલા મુમુક્ષુ સાધકો પણ આ નિમિત્તે પધાર્યા અને સંસ્થાદર્શન કરી ધન્યતા અનુભવી.
- લોકભારતીની હિસાબી સિસ્ટમને વધુ કાર્યક્ષમ બનાવવા માટે સંસ્થાના ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ શ્રી કિશોરભાઈ શાહ અને ટીડીએસ કન્સલ્ટન્ટ શ્રી દીપકભાઈ ચૌહાણના માર્ગદર્શન તળે લોકભારતીના બધા જ હોદ્દેદારો અને હિસાબનીશોની એક કાર્યશાળા તા.૨૭ના રોજ યોજાઈ ગઈ.
- તા.૨૯ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણીએ અધ્યાપનમંદિરમાં 'એક નિશાળ એવી' શીર્ષક તળે કેળવણીના સંદર્ભે અલગ ચીલો ચાતરતી વિશ્વની પાંચ શાળાઓનો પરિચય કરાવ્યો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૯ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોલી તાલીમાર્થીઓ સમક્ષ 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' પુસ્તકની સમજ તથા બાળકમાં માનવીય મૂલ્ય તથા કેળવણીની સાચી સમજ આપી.
- તા.૩૦ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ અધ્યાપનમંદિરમાં 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' પુસ્તકનો આસ્વાદ કરાવી તાલીમાર્થીઓને શાંતિ સૈનિકો બનવાની વાત કરી હતી.

**આંબલા સમાચાર**

- તા. ૨૫ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૦૭થી ગાંધી ગ્રામજીવન પદયાત્રા શરૂઆત કરવામાં આવી છે તેમાં આ વર્ષે 'પ્રાકૃતિ ખેતી' વિષય પર કુલ-૧૮૪૩ પદયાત્રીઓની ૧૫૧ ટુકડી દ્વારા ગુજરાતનાં ૧૮૦૦ જેટલાં ગામડાઓમાં આવરી લેવાનું આયોજન કરાયું. તેના અનુસંધાને માઈક્રોબાયોલોજી વિષયના ૧૦ વિદ્યાર્થીઓની ટુકડી અધ્યાપકશ્રી પ્રતિકભાઈ તેમજ ભાવનગર જિલ્લાના ખેતીવાડી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી રીજવાનસાહેબ સંસ્થાની ખાસ મુલાકાત લીધી.
- તા. ૦૨ના રોજ નૂતનવર્ષના પ્રારંભે શ્રી અરુણભાઈ દવે તથા શ્રી લાલજીભાઈ નાકરાણીની ઉપસ્થિતિમાં સ્નેહમિલન યોજાઈ ગયું. આ કાર્યક્રમમાં સંસ્થા પરિવાર, ગામના વરિષ્ઠ નાગરિકો તેમજ ગામજનો બહોળી સંખ્યામાં હાજર રહેલ.
- તા. ૧૧ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ શ્રી

રાજેન્દ્રસિંહ રાણા અને ડૉ. પાઠકસાહેબ સંસ્થાની મુલાકાતે આવી ગયા.

- તા. ૨૨ના રોજ ગાંધી મહેન્દ્ર ચત્રભૂજ એજયુકેશન ટ્રસ્ટના આર્થિક સહયોગથી શિશુવિહાર સંસ્થા આયોજિત ૨૫માંશ્રી હીરલબહેન માનભાઈ ભટ્ટ મહિલા ઉત્કર્ષ કાર્યક્રમમાં વાળુકડ મુકામે સંસ્થાની ૨૦ વિદ્યાર્થિની બહેનોને લઈ શ્રી કૈલાશબહેન જઈ આવેલ તેમાં તે વીસ બહેનોને લવાજમ સહાયના રોકડા પુરસ્કાર આપવામાં આવેલ.

**મણાર સમાચાર**

- દિવાળી વેકેશન દરમિયાન દિવાળી અને નવા વર્ષનું સ્નેહમિલન સંસ્થાપરિવારજનો સાથે યોજાયું.
- તા. ૯ ના રોજ ૧૯૮૪-૮૫માં અભ્યાસ કરતા વડીલોના સ્નેહમિલનમાં ૫૦ જેટલા વડીલો આવ્યા હતા અને તેમણે તેમના શાળાના અભ્યાસ કાળના સંસ્મરણો તાજા કર્યા.
- તા.૧૦નાં રોજ સંસ્થાના કાર્યકર શ્રી ચકાભાઈના મોટા દીકરાને ઝેરી જીવડું કરડતાં અવસાન થયું છે. સંસ્થા પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી .
- તા. ૧૧નાં રોજ સંસ્થામાં ઋષિવર્ય આપણા કુલગુરુ પૂજ્ય શ્રી નાનાભાઈ ભટ્ટની જન્મજયંતી ઉજવવામાં આવી.
- 'સ્વસ્થ વૃધ્ધત્વ' ૩૩નો વૃધ્ધજન સન્માન સમારોહ શ્રી અરુણભાઈના અધ્યક્ષસ્થાને શિશુવિહાર સંસ્થામાં યોજાઈ ગયો. કાર્યક્રમમાં શ્રી સુરસંગભાઈ ચૌહાણનું સન્માન થયું. સહુએ આ કાર્યક્રમમાં હાજરી આપી.
- તા. ૧૮થી દ્વિતીય સત્રનો આરંભ થયો.
- તા. ૨૦ના રોજ વાળુકડ મુકામે યોજાયેલ શિશુવિહાર આયોજિત શિષ્યવૃત્તિ કેમ્પમાં મણાર શાળાની બહેનો સાથે શ્રી વિપુલભાઈ સરવૈયા જઈ આવ્યા.
- તા.૨૧ના રોજ એન.એસ.એસ.ડાંખરા ઉ.બુ.વિદ્યાલયમાં શ્રી ડાંગરભાઈ,શ્રી પ્રવીણભાઈ, શ્રી મનસુખભાઈ અને શ્રી વિપુલભાઈ જઈ આવ્યા.
- તા. ૧૯થી ૨૫ દરમિયાન ભાવનગરમાં યોજાયેલ 'વર્લ્ડ હેરીટેજ વિક'માં શાળાના પૂર્વ શિક્ષિકાઅને ફોટોગ્રાફર એવા શ્રી રક્ષાબેન ભટ્ટનું ફોટોગ્રાફી પ્રદર્શન યોજાયું.
- શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલના મોટા કથાકાર એવા શ્રી સંજયભાઈ રામકબીર (પાણીયાળાવાળા )સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા. ૨૯ના રોજ કુદરતી ઉપચાર કેન્દ્રના નિયામક તથા પીઢ ગાંધીવાદી એવા શ્રી બિપિનભાઈ શાહ તથા બપાડાના આચાર્ય શ્રીમતી ભાવનાબહેન જાડેજા સંસ્થાની મુલાકાતે આવી ગયા. અને વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપ્યું.વિદ્યાથીઓ સાથે પ્રશ્નોત્તરી કરી.
- બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન પ્રાથમિક શાળા પીપરલા મુકામે યોજાયેલ તેમાં શ્રી ડાહ્યાભાઈ ડાંગર જઈ આવ્યા.
- તા. ૨૯ના રોજ શુક્રવારની સાયં પ્રાર્થનામાં પીડીલાઈટના શ્રી પી.કે.શુક્લાસાહેબ તથા તેમની ટીમ હાજર રહી. સૌ બાળકોને અભ્યાસ અને જીવન અંગેનું સુંદર માર્ગદર્શન આપ્યું.
- 'એક વિદ્યાર્થી એક ઓળખ' અંતર્ગત અપાર આઈડી બનાવવાની પ્રક્રિયા પુરજોશમાં ચાલી રહી છે.

- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં યોજાયેલ શ્રી અરૂણાબહેન-રઘુભાઈ અભિવાદન ગ્રંથ 'કેળવણીની કેડીએ' પુસ્તક વિમોચન તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન કાર્યક્રમમાં શાળાના શ્રી ડાહ્યાભાઈ ડાંગર તથા અન્ય કાર્યક્રમ જઈ આવ્યા.
- મોજીલા શિક્ષણ અભિયાનના બંને કાર્યકરો લોકવિદ્યાલય માઈધાર ખાતે બે દિવસની તાલીમ લઈ આવ્યા.તાલીમ અંતર્ગત શ્રી નલિનભાઈ પંડિત અને શ્રી અરૂણભાઈએ માર્ગદર્શન અને પ્રોત્સાહન પાઠવ્યું હતું.

**માઈધાર સમાચાર**

- તા.૭ અને ૮ ના રોજ મોજીલું શિક્ષણ અભિયાનની બે દિવસ તાલીમ યોજાઈ. જેમાં શ્રી અરુણભાઈ દવે દ્વારા મોજીલું શિક્ષણ થકી બાળકોમાં, શાળામાં કેવા ફાયદા થાય તેમની વાત કરવામાં આવી. સાથે સાથે નવી શિક્ષણનીતિ કેવા પ્રકારની છે તેની માહિતી આપી. શ્રી નલિનભાઈ પંડિતે પણ હાજર રહી સૌને પ્રોત્સાહિત કર્યા.
- તા.૧૧ થી ૧૪ દરમિયાન સંસ્થામાં ભાવનગર કરાટે એકેડેમી ઓફ જાપાન 'ગોજુરીયુ' દ્વારા કરાટે કેમ્પ યોજાયો.
- તા. ૧૩,૧૪ના રોજ જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ - ધરમપુરના કાર્યકરોને બે દિવસ મોજીલા શિક્ષણની તાલીમ આપવા માટે કાર્યકરો ત્યાં જઈ આવ્યા.
- તા. ૧૧ના રોજ પ્રાર્થનાના અનુસંધાને અત્યારે વિશ્વમાં ચાલતાં યુદ્ધો, તેના કારણો અને તેની અસરો ઉપર વિદ્યાર્થીઓને શ્રી ભરતભાઈ દવેએ માહિતીસભર વ્યાખ્યાન આપ્યું.
- તા. ૨૧ના રોજ ડૉ.મનહરભાઈ ઠાકર દ્વારા સત્રારંભમાં વિદ્યાર્થી જીવનની દિનચર્યા અને વિદ્યાર્થી ટેવો બાબતે પ્રેરક પ્રવચન યોજાયું.
- તા. ૨૨ના રોજ શિશુવિહાર સંસ્થા આયોજિત શ્રી વિનય વિહાર કેળવણી મંડળ વાળુકડ ખાતે ૨૦ બહેનોને સહાય આપવામાં આવી. સાથે શ્રી જગદીશભાઈ, શ્રી વિજયભાઈ અને શ્રી પાયલબહેન જઈ આવ્યા.
- તા.૨૭થી ૨૯ ગીર- નેસમાં શ્રી નલિનભાઈ પંડિતના માર્ગદર્શન નીચે મોજીલા શિક્ષણના કાર્યકરો પ્રવૃત્તિઓ કરાવવા માટે જઈ આવ્યા.
- તા.૨૬,૨૭ના રોજ સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરના ટ્રેનર બહેનો બે દિવસ કળસાર તાલીમમાં જઈ આવ્યા.
- તા. ૨૮ના રોજ તળાજામાં તાલુકાકક્ષાના વિજ્ઞાનમેળામાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો નિર્ણાયક તરીકે જઈ આવ્યા.

**શ્રદ્ધાંજલિ**


● લોકભારતી અધ્યાપન મંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને શુભેચ્છક શ્રી અનુબહેન દવેના પતિ સ્વ. શ્રી દિનકરરાય ભટ્ટનું તા. ૨૯-૧૧-૨૦૨૪ના રોજ ૯૨ વર્ષની વયે રાજકોટ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

● લોકદક્ષિણામૂર્તિના સંનિષ્ઠ કાર્યકર અને મોટાભાઈથી ઓળખાતા સ્વ. શ્રી ઝીણારામભાઈ મણીરામજી દાણીધારિયાનું તા. ૩૦-૧૧-૨૦૨૪ના રોજ ૮૬ વર્ષની વયે ભાવનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.


## સન્માનિત થતી 'લોકભારતી'




'ફૂલછાબ સાહિત્ય' એવોર્ડ સ્વીકારતા શ્રી મનસુખભાઈ સલ્લા




શિશુવિહાર સંસ્થા દ્વારા 'વૃદ્ધજન સન્માન' સ્વીકારતા શ્રી સુરસંગભાઈ ચૌહાણ





શ્રી દિનુભાઈ ચુડાસમા દ્વારા સંપાદિત 'શબદની નાવ મૌનના ઘાટે' પુસ્તકનું લોકાર્પણ




To.

**From :**


**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-